
# આધ્યાત્મિક કેડી

તંત્રી–સંપાદક : કૈલાસબહેન એન. પરીખ

મા ગાયત્રી

ॐ
મા
ॐ




ॐ
મા
ॐ

પૂ. રાજયોગી નરેન્દ્રજી

ॐ ભૂર્ભુવઃ સ્વઃ ॐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત ॐ ॥

વર્ષ ૧૮ ]  એપ્રિલ ૧૯૮૫  [ અંક ૧

Scanned by CamScanner

॥ ॐ મા ॐ ॥



**વાર્ષિક લવાજમ**
**રૂપિયા દસ**

: પ્રકાશક :
શ્રી કૈલાસબહેન એન. પરીખ,
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
'નીલોષા' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલબાઈ ટેકરા,
અમદાવાદ–૩૮૦ ૦૧૫

: મુદ્રક :
કાન્તિભાઈ મ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય
રાયખડ
અમદાવાદ – ૩૮૦ ૦૦૧

# આધ્યાત્મિક કેડી


શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ : અમદાવાદ ૩૮૦ ૦૧૫

વર્ષ ૧૪ ] * એપ્રિલ-૧૯૮૫ * [ અંક ૧


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સુવર્ણમયી ઘડી | રાજયોગી નરેન્દ્રજી | ૧ |
| પરમ તત્ત્વ સાકાર ક્યારે બને ? | ,, ,, | ૧૩ |
| બાર કલાકમાં ફરી જન્મ | ,, ,, | ૧૬ |
| દયા | ,, ,, | ૨૧ |
| " પરમના સાન્નિધ્યે " : સામુહિક ભાવપૂજન | 'તપન' અને 'દેવદત્ત' | ૨૪ |
| સુરતમાં સત્સંગ | | ૨૭ |
| જ્ઞાનગોષ્ઠિ | ... | ૩૦ |
| અમેરિકાનો કાર્યક્રમ | | ૩૧–૩૨ |
| સમાચાર | | પૂઠું ૩ |


Scanned by CamScanner

|| ॐ મા ॐ ||

# આધ્યાત્મિક કેડી

વર્ષ ૧૪ * એપ્રિલ ૧૯૯૫ * અંક ૧

## સુવર્ણમયી ઘડી

રાજયોગી નરેન્દ્રજી

મહાશિવરાત્રી, તા. ૨૭-૨-'૯૫

શિવ-શક્તિનાં વહાલાં બાળકો,

અતીતમાં ખોવાઈને
ઢંઢોળું મુજ સ્મૃતિઓને,
ઢંઢોળતા સ્મૃતિ પુષ્પો
આવિયો દિન ૧૧-૩-'૭૫-મહાશિવરાત્રી પર્વ.

વિતેલાં વર્ષો તણી સ્મૃતિ ફરી જાગે,
ગઈ કાલે બન્યું એવું આજ ભાસે.
તે દિન પ્રકાશ્યો સૂર્ય ઝળહળતો,
આહ્‌લાદકતા સ્પર્શતી વાતાવરણને.
લહેરાયો શીતલ ચન્દ્ર સમી પૃથ્વી પરે,
પુષ્પો છોડ પરે સ્મિત કરતા.
અગોચર રહી કાર્ય કીધું પરમતત્ત્વે,
પહેરાવી સેવા તણી મોતીની માળા
મુજને ગળામાં માતે.



Scanned by CamScanner

તે દિન ઘડી સુવર્ણમયી દિસે મુજ કાજે,
હર્ષના આંસુમાંહી
મુજ સમસ્ત અસ્તિત્વ છલકાતું,
છલકતું છલકતું હૃદય તરસે માત કાજે.
માત પાસે છતાં દૂર ભાસે.

**આ**જે શિવરાત્રીનું પર્વ છે. બરાબર આજથી વીસ વર્ષ પૂર્વે સવારના ૧૧-૦૦ વાગે હું મહાદેવની રુદ્રી કરવા સારુ બેઠો હતો. રુદ્રી પૂરી થવા આવી હતી ને ઓચિંતી એક મોતીની માળા અગોચરથી આવીને મારા ગળામાં પહેરાઈ ગઈ. મને આશ્ચર્ય થયું! પરંતુ માતાજીના જુદા જુદા અનુભવો ચાલુ હતા તેથી માની લીધું કે માતાજીએ જ આ માળા મોકલી હશે. ઘરમાં બધાને માળા બતાવી. ત્યાર બાદ દરરોજ માતાજીની કૃપા–પ્રસાદીના અનુભવો ચાલુ જ હતા. ને ઘરનાં દરેક સભ્યો તેનો અનુભવ કરતા હતા.

આમ તો હું ગાયત્રીમંત્ર જ કરતો, પરંતુ મારા પિતાશ્રી મહાશિવરાત્રીના દિવસે રાતના આઠ વાગે શિવના મંદિરમાં પૂજા કરવા જતા ને રાત્રિના બાર વાગ્યા બાદ પાછા ફરતા. જેથી મહાશિવરાત્રીને દિવસે રુદ્રી કરવી એમ વિચારી તે દિવસે રુદ્રી કરવા બેઠો. બ્રાહ્મણને તો જન્મથી જ મહાદેવ ભોળા ઈષ્ટદેવ હોય છે જ.

---

**"જેઓ નારીને શક્તિરૂપે પિછાણીને યથાયોગ્ય વહેવાર કરે, અરસપરસ સમજ-શક્તિ કેળવે, તો જીવનમાં કંઈક પામી શકે, માણી શકે ને નારીરૂપી શક્તિની મદદથી પોતાના આદર્શો–સિદ્ધાંતોને સર કરી શકે. જીવનમાં અટપટાં કાર્યો શાંતિથી ઉકેલી શકે, પરંતુ જેઓ મોહાંધ બની, ષડ્‌રિપુને આવકારીને જીવન જીવે છે તેઓ કંઈ પણ પ્રાપ્ત કરી શકતા નથી. ભૌતિક જગતમાં આનંદ મેળવી શકે, પરંતુ આધ્યાત્મિક ક્ષેત્રમાં તેઓ શૂન્ય જ રહે છે."**

---

શિવનો મહિમા અપરંપાર છે. એમનો મહિમા, વાણી અને મનના માર્ગને જાણી શકાય તેમ નથી. વાણી તેમજ મનથી તે પર છે. તે પોતે અલખનિરંજન ભસ્મધારી હોવા છતાં બધા તેમની કૃપાદૃષ્ટિથી રિદ્ધિ–સિદ્ધિ પ્રાપ્ત કરે છે. જે પોતાના જ સ્વરૂપમાં જ રમતા હોય તેને વિષયોની મિથ્યા–તૃષ્ણા કદી ભમાવતી નથી. તેમના સ્વરૂપના ઐશ્વર્યનો તાગ મેળવવા બ્રહ્મા ઉપર (આકાશમાં) વિષ્ણુ નીચે (પાતાળમાં) ગયા છતાં તેમનો તાગ તેઓ પામી ન શક્યા. જ્યારે સમુદ્રમંથન વેળા વિષ નીકળ્યું તે વખતે વિષ ગ્રહણ કરવા કોઈ તૈયાર ન થયું. ત્યારે જગતના કલ્યાણ ખાતર શિવે તે વિષને પોતાના કંઠમાં સમાવ્યું. તેમના માટે કહેવાય છે કે —

"અસિતગિરિસમં સ્યાત્ કજ્જલં સિન્ધુપાત્રે, સુરતરુવર શાખા લેખિનીપત્રમુર્વી,
લિખતિ યદિ ગૃહિત્વા શારદા સર્વકાલં, તદપિ તવ ગુણાનામીશ પારં ન યાતિ."

સમુદ્રના પાત્રમાં – ખડિયામાં નીલગીરીની શાહી બનાવી, કલ્પવૃક્ષની ડાળીની કલમ બનાવી, પૃથ્વીનો કાગળ કરી, એના ઉપર ખુદ સરસ્વતી સર્વકાળ લખતી રહે તો પણ શિવના અપરંપાર ગુણોનો પાર

આવે તેમ નથી. તેમણે તાંડવ કર્યું છે, શ્રીકૃષ્ણ સાથે રાસ ખેલ્યો છે, તેમણે તેમનું રુદ્ર સ્વરૂપ પણ પ્રગટ કરેલ છે છતાં પણ ભોળા શિવ છે. તે પોતાના ભક્ત પર જલ્દીથી પ્રસન્ન થઈ જાય છે. તેમણે તેમના ત્રીજા નેત્ર વડે કામદેવને ભસ્મીભૂત કરેલ.

શિવ–શક્તિનું નિરૂપણ એટલે અર્ધ–નારીશ્વર. શિવ હોય અને શક્તિનો પ્રવેશ થાય ત્યારે અર્ધ–નારીશ્વર કહી શકાય. સાંસારિક જગતમાં પુરુષને સંસારના શિવ ગણી શકાય અને જ્યારે સાથમાં નારીનો પ્રવેશ થાય ત્યારે તે સંપૂર્ણ છે. એમ કહી શકાય. પરંતુ જેઓ નારીને શક્તિરૂપે પીછાણીને યથાયોગ્ય વહેવાર કરે, અરસપરસ સમજશક્તિ કેળવે તો જીવનમાં કંઈક પામી શકે, માણી શકે. ને નારી રૂપી શક્તિની મદદથી પોતાનાં આદર્શો–સિદ્ધાંતોને સર કરી શકે. જીવનમાં અટપટાં કાર્યો શાંતિથી ઉકેલી શકે. પરંતુ જેઓ મોહાંધ બની ષડ્રિપુને આવકારીને જીવન જીવે છે. તેઓ કંઈપણ પ્રાપ્ત કરી શકતા નથી. ભૌતિક જગતમાં આનંદ મેળવી શકે. પરંતુ આધ્યાત્મિક ક્ષેત્રમાં તેઓ શૂન્ય જ રહે છે.

હવે પાછો મૂળ વાત પર આવું. તા. ૧૧–૩–'૭૫ના રોજ હું પૂજન શિવનું કરતો હતો, ને શક્તિએ જ મને ગળામાં મોતીની માળા પહેરાવી. તે દિવસથી જ મારી આધ્યાત્મિક જીવનની યાત્રા શરૂ થઈ. ને ત્યાર બાદ માતાજી દરરોજ જુદી જુદી જાતના અનુભવ કરાવતા. આ અનુભવો મારા એકલા માટે સીમિત ન હતા. અમારા કુટુંબના દરેક સભ્યો તેનો અનુભવ કરતા. તા. ૫–૮–'૭૫ના રોજ માતાજીએ સ્વપ્નમાં આવીને 'જીવનજળ' કેવી રીતે બનાવવું, શક્તિપ્રદાન સારવાર કેવી રીતે આપવી તેનું માર્ગદર્શન આપ્યું. તા. ૧૧–૩–'૭૫ પછીથી જે જે માણસોને માતાજીના કૃપા–પ્રસાદીના અનુભવોની જાણ થઈ હતી, તેઓ બધા મારી પાસે કંઈક ને કંઈક પૃચ્છા કરતા આવતા હતા. પરંતુ તા. ૫–૮–'૭૫ના રોજ સ્વપ્નદર્શનમાં જીવનજળ ને શક્તિપ્રદાનની સારવારની આપેલ માહિતી મળ્યા બાદ માણસો મોટી સંખ્યામાં આવતા હતા. તા. ૬–૮–'૭૫થી મેં જીવનજળ ને શક્તિપ્રદાનની સારવાર આપવાનું ચાલુ કર્યું. તા. ૨૬–૧૨–'૭૫ના રોજ 'સંદેશ' દૈનિકમાં મારો પહેલો લેખ પ્રસિદ્ધ થયો ને મુલાકાત માટે લોકોનો ધસારો વધતો ગયો.

---

**વીસ વર્ષ ક્યાં વીત્યાં, કેવી રીતે વીત્યાં, લાખો માણસોને કેવી રીતે મુલાકાત આપી તેની જરા પણ ખબર ન પડી. તેનું કારણ એટલું જ કે આ કાર્ય માતાજી મારી પાસે કરાવતાં હતાં ને હજુ કરાવે છે. પરંતુ કાર્ય તો તે પોતે જ કરે છે, એમ કહી શકું. મારા માધ્યમ દ્વારા કર્તા–હર્તા તેઓ પોતે જ હતાં ને છે, જેથી આ વીસ વર્ષનો સમય ક્યાં વહી ગયો તેની ખબર જ ન પડી.**

---

અમદાવાદથી બહારગામના પ્રોગ્રામની વાત કરીએ તો તા. ૨૪–૫–'૭૬ના રોજ પહેલો પ્રોગ્રામ મુંબઈ ખાતે માતાજીની આજ્ઞાથી યોજાયેલ ને ત્યાર બાદ બીજા બહારગામના પ્રોગ્રામો યોજાયા. મુંબઈનો પ્રોગ્રામ તો માતાજીએ જ કર્યો એમ કહી શકાય. કારણ કે તે વખતે હું સાવ નવો હતો. ને પહેલે જ દિવસે ૮૭૫ માણસો મુલાકાતમાં હતા. સવારના ૧૧–૦૦થી રાતના ૧૧–૩૦ સુધી મુલાકાત ચાલુ હતી.

તા. ૫–૯–'૭૬ના રોજ પહેલો સાક્ષાત્કાર થયો. પાછળથી જાણ થઈ કે માતાજી મારા જન્મથી જ મારી સાથે હતા ને મારું રક્ષણ કરતા હતા. મને તેમની મરજી મુજબ જ સજાવતા હતા, ઘાટ આપતા હતા, પરંતુ તે વખતે આ બધું સમજમાં આવ્યું ન હતું. તા. ૫–૯–'૭૬ના રોજ સાક્ષાત્



Scanned by CamScanner

દર્શન આપી આશીર્વાદ આપ્યા, ને કસોટી પણ કરી કે 'માગ, માગ, માગે તે આપું!' હું લાલચને વશ થયો નહિ ને મોક્ષ માટેની પણ માગણી કરી નહિ. માગ્યું એટલું જ કે જન્મોજન્મ મારા માનવબંધુની સેવા.

તા. ૬–૯–'૭૬ના રોજ અમદાવાદ પુષ્પકુંજ સોસાયટી, કાંકરીયા, મણીનગરમાં રૂબરૂ મુલાકાતનું સ્વતંત્ર કાર્યાલયનું આયોજન માતાજીની આજ્ઞા ને તેમના આશીર્વાદથી શરૂ કર્યું.

આ પછીની બધી જ હકીકતોનો ઇતિહાસ તમારી સમક્ષ મોજૂદ છે.

આમ મારા આધ્યાત્મિક જગતનાં વીસ વર્ષ પૂરાં થાય છે ને એકવીસમા વર્ષના બારણે આવી ઊભો છું. વીસ વર્ષ ક્યાં વિત્યાં, કેવી રીતે વિત્યાં, લાખો માણસોને કેવી રીતે મુલાકાત આપી, તેની જરા પણ ખબર ન પડી. તેનું કારણ એટલું જ કે આ કાર્ય માતાજી મારી પાસે કરાવતાં હતાં ને હજુ કરાવે છે. પરંતુ કાર્ય તો તે પોતે જ કરે છે, એમ કહી શકું. મારા માધ્યમ દ્વારા કર્તા–હર્તા તેઓ પોતે જ હતાં ને છે. જેથી આ વીસ વર્ષનો સમય ક્યાં વહી ગયો તેની ખબર જ ન પડી. આ ગાળામાં માતાજીએ મને તો તેમની કૃપા–પ્રસાદીના ખૂબ અનુભવ કરાવ્યા, પરંતુ માતાજીએ ભક્તોને પણ તેમની શક્તિ ને કદ મુજબ કૃપા–પ્રસાદીના અનુભવ કરાવ્યા.

---

**"બીલીપત્રને ત્રણ પાંદડાં છે. તે ખૂબ જ સૂચક છે. બીલીપત્રમાં ડાબી બાજુનું પાન તે પાતાળ, વચલું પાન પૃથ્વી અને જમણી બાજુનું પાન આકાશ. આ શંકરની ત્રિલોકના નાથની સર્વોપરિતાની સાબિતી રૂપ બિલિનાં પાન તેમના પર ચડાવવામાં આવે છે."**

---

મારા આધ્યાત્મિક જગતનાં ૧૮ વર્ષ બાદ તેઓશ્રીએ મારું નામ બદલ્યું ને '**રાજયોગી નરેન્દ્રજી**' રાખ્યું. ગાયત્રી મંત્રના પર્યાય રૂપે નાનો મંત્ર જગતના માનવીઓને જલદીથી ગળે ઊતરી જાય તેવો મંત્ર "**ૐ મા ૐ**" આપ્યો, જેનો માનવીઓએ પ્રેમથી સ્વીકાર કરી લીધો.

**કાવ્યધારાનું સર્જન :**

મારા માધ્યમ દ્વારા તેઓશ્રી નીચે મુજબના કાર્યનું સંચાલન કરે છે :

૧. માનવબંધુઓની સેવા.
૨. ષડ્‌રિપુને નાથવાનું કામ.
૩. મન, વચન, કર્મની પવિત્રતાના પાઠો.
૪. માનવ–માનવ વચ્ચેની આત્મીયતા કેળવવાનું એટલે વિશ્વબંધુત્વની ભાવના.
૫. વહેમ અને અંધશ્રદ્ધાને ભગાડવાનું.
૬. ધર્મના નામે જે રૂઢિચુસ્ત રીતરિવાજો પ્રર્વતમાન છે તેને મિટાવવાના.

હાલમાં મારાં આ છ મુખ્ય કાર્યો છે.

**ભગવાન શ્રી શંકરને દૂધનો અભિષેક થાય છે, ને બિલિપત્ર ચડાવવામાં આવે છે. શા માટે?**

**[ આધ્યાત્મિક કેડી, એપ્રિલ, '૯૫**



Scanned by CamScanner

આના જવાબમાં શાસ્ત્રો જે કહેતા હોય. પરંતુ મારી માન્યતા મુજબ દૂધ એ પવિત્રતાનું પ્રતીક છે. સ્ફટિક જેવું છે પોષણકર્તા છે. માતા પણ પોતાના બાળકને પોષણ અર્થે પોતાના જ દૂધનું પાન કરાવે છે. જ્યારે શંકર માટે એમ કહી શકાય કે તેઓશ્રીએ જગતના કલ્યાણ અર્થે વિષને પીને ગળાની અંદર રહાવી રાખ્યું છે. તે વિષની માત્રાને ઓછી કરવા સારૂ દૂધનો અભિષેક હોઈ શકે.

તેમને બિલિપત્ર ચડાવવામાં આવે છે. તેનો અર્થ એવો કે તેઓ ત્રિલોકના નાથ કહેવાય છે. તેમનું માપ કાઢવા બ્રહ્મા આકાશમાં ગયા ને વિષ્ણુ પાતાળમાં ગયા. તોપણ તેઓ તેમનું માપ કાઢી શક્યા નહિ. જેથી તેઓ **ત્રિલોકના નાથ'** ગણાયા. તેમનું સાર્વભૌમત્વ પાતાળ, પૃથ્વી ને આકાશમાં છે. બિલિપત્રને ત્રણ પાંદડા છે. તે ખૂબ જ સૂચક છે. બિલિપત્રની ડાબી બાજુનું પાન તે પાતાળ, વચલું પાન પૃથ્વી અને જમણી બાજુનું પાન આકાશ. આમ શંકરને ત્રિલોકના નાથની સર્વોપરિતાની સાબિતી રૂપ બિલિપત્રનાં પાન તેમના પર ચડાવવામાં આવે છે.

આજે મહાશિવરાત્રી છે. મેં પહેલાં શિવ-જીવના મિલનની વાત કરી હતી. ક્યારે શિવ-જીવની એકતા સાધી શકાય તે જણાવ્યું હતું. શિવ-જીવની એકતા એટલે મન, વચન, કર્મની પવિત્રતા, ષડરિપુનો નાશ, મારા નવ સિદ્ધાંતોનો અમલ. જો આટલું શક્ય બને તો શિવ-જીવની એકતા સાધી શકાય. માટે વહાલા બંધુઓ ઊઠો, જાગો, વહેલી તકે એ દિશામાં પ્રવાસ કરો તો જ આજના દિવસની સાર્થકતા ગણાશે.

આજે સવારથી જ માતાજીને મેં પ્રાર્થના કરેલ કે જાહેરમાં કોઈ પણ જાતનો અનુભવ મારા વડે કરાવીશ નહિ. માતાજી તો વર્ષમાં એક જ દિવસ રૂબરૂમાં દર્શન આપે છે. એટલે ૩૬૪ દિવસનો વિયોગ. માતાજી અગોચરમાં રહીને અગર તો સ્વપ્નમાં આવીને બધું સંચાલન કરે છે. પરંતુ સાક્ષાત્ દેહરૂપે એક જ દિવસ આવે છે. અને તે પણ "મહેમાન" તરીકે, પા-કલાક કે અડધો કલાક. મારી તો માતાજીને વિનંતી છે કે તે અગોચર રૂપે નહિ પણ સાક્ષાત્ દેહરૂપે મારી સાથે કાયમ રહે. કેમકે તેમનો વિયોગ અસહ્ય થઈ પડે છે :

**હે માત !**
**તારા વિયોગે વાયુ વહે રુદન રૂપે, નદી વહે અશ્રુધારે,**
**ઉર તણા એકાંત ખૂણામાં એક આશ જાગે,**
**માત આવશે, માત આવશે, માત આવશે, એ જ ઝંખના.**

આ શરીરમાંથી જે શ્વાસોચ્છ્વાસ નીકળે છે તેને વાયુ કહ્યો છે. જેથી આ શરીરનો જે શ્વાસોચ્છ્વાસ ચાલે છે તે શ્વાસોચ્છ્વાસનો વાયુ અહર્નિશ તારા માટે રુદન કરે છે.

"નદી વહે અશ્રુધારે" એટલે આ શરીરની અંદર જેટલી લોહીની નળીઓ છે, તેને નદી ગણી છે. તે લોહીની સમગ્ર નળીઓ તારા માટે અશ્રુ સારી રહી છે.

વળી ઉરના એક એકાંત ખૂણામાં એક આશાનું કોડિયું પ્રગટી રહ્યું છે. ને તે કોડિયાનો પ્રકાશ માતના આગમન માટે અહર્નિશ પ્રકાશી રહ્યો છે ને તેનો પ્રકાશપુંજ પોકારે છે : "માત આવશે. માત આવશે. માત આવશે."



Scanned by CamScanner

આ વાત વિયોગની કરી. પરંતુ સંયોગ થાય ત્યારે પરિસ્થિતિ જુદી હોય છે. જ્યારે માતાજી પધારે છે ત્યારે —

**" માટી માંહીથી બને કંચન, કંચન માંહીથી બને સૂર્ય."**

આ શરીર પણ એક માટી જ છે, એટલે જ્યારે તેમની પધરામણી થાય છે ત્યારે તેમની હાજરીથી જ માટી (આ શરીર) એકદમ કંચન જેવું બની જાય છે ને કંચન જેવું બન્યા પછી તેમના મુખારવિંદમાંથી પડતા તેજના પ્રકાશના લીધે સૂર્ય સમું બની જાય છે. પરંતુ જ્યારે પરત પાછાં ફરે છે ત્યારે —

**" અંધકાર ભાસતો સૂર્યમાં, અમાસ ભાસતી પૂનમના ચાંદમાં."**

આ એક હકીકત છે.

સૂર્ય સન્મુખ હોવા છતાં મનની–તનની આવી મનોદશા હોય છે. કે સૂર્ય હાજર હોય છતાં આગળ–પાછળ બધે અંધકાર જ લાગે છે. ને ચાંદની તે પણ પૂનમની. તો પણ શીતળતા કે પ્રકાશ માણી શકાતા નથી. ને તેમાં પણ અંધકાર જ દેખાય છે. આવી મનોદશા જ્યારે માતાજી વિદાય થાય ત્યારે થાય છે.

મારા માટે તો મહાશિવરાત્રી હોય કે કૃષ્ણજયંતી હોય કે રામજન્મ હોય કે આસો સુદ આઠમ હોય. બધું જ મને સરખું જ લાગે છે. કારણકે શિવશક્તિ એકબીજાનાં પૂરક છે. જ્યાં શિવ હોય ત્યાં શક્તિ હાજર જ હોય. અને જ્યાં શક્તિ હોય ત્યાં શિવ હાજર હોય. આ શું સૂચવે છે? શ્રીકૃષ્ણ અને શ્રીરામને શક્તિ મળી જેથી તેઓ રાક્ષસોનો સંહાર કરી શક્યા. આસો સુદ આઠમ શક્તિનો મહિમા ગણી શકાય. પરંતુ શક્તિ સાથે શિવ હાજર જ હોય છે. જેમ ખાંડમાં પાણી કે પાણીમાં ખાંડ. પાણીને શક્તિ સાથે સરખાવી શકાય કારણ કે પાણીથી ઈલેક્ટ્રીસીટી પેદા થાય છે, અનાજ પાકે છે. શરીરને અને વનસ્પતિ સૃષ્ટિને પણ પાણી અનિવાર્ય છે. જ્યારે ખાંડ ગળી છે, અને શિવ કલ્યાણકારી છે. ખાંડને પણ તેના સ્વાદને લીધે કલ્યાણકારી કહી શકાય.

**॥ ૐ મા ૐ ॥**

* * *

**મ**હા શિવરાત્રીના પર્વે તા. ૨૭–૧૨–'૯૫ના રોજ પૂ. ગુરુદેવ શ્રી રાજયોગી નરેન્દ્રજીએ પોતાના નિવાસસ્થાન 'શ્રદ્ધા'ના પ્રાંગણમાં ઉપસ્થિત ભક્તો સમક્ષ ઉપરોક્ત વક્તવ્ય રજૂ કર્યું હતું. ભગવાન શંકરના માહાત્મ્યને તેમણે નિજી મૌલિક અને દિવ્યદૃષ્ટિથી અનોખી અને કવિત્વપૂર્ણ બાનીમાં રજૂ કર્યું ત્યારે તેમના ભીતરની આધ્યાત્મિક ગહનતાએ સમગ્ર વાતાવરણમાં સ્તબ્ધતા પ્રસારી દીધી હતી. તેમણે શિવના માહાત્મ્યને તો સમજાવ્યું જ, સાથે સાથે શિવ–શક્તિના સામંજસ્યપૂર્ણ પ્રભાવને પણ સમજાવ્યો તે તેમની મૌલિક દૃષ્ટિનો તેમજ અભિગમનો દ્યોતક છે.

આજથી વીસ વર્ષ પહેલાં પૂ. ગુરુદેવ રાજયોગી નરેન્દ્રજીને મહાશિવરાત્રીના પર્વે માતાજીના સવ પ્રથમ આવિર્ભાવનો મોતીની માળાની પ્રાપ્તિ દ્વારા અનુભવ થયો હતો. આ આધ્યાત્મિક પ્રસંગની અનૌપચારિક ઉજવણી પૂ. ગુરુદેવના નિવાસસ્થાને 'શ્રદ્ધા'ના પ્રાંગણમાં ઉપસ્થિત ભક્તોની હાજરીમાં કરવામાં આવી હતી. સમગ્ર વાતાવરણ દિવ્ય સુવાસથી મહેકતું હતું.

**[ આધ્યાત્મિક કેડી, એપ્રિલ, '૯૫**



Scanned by CamScanner

શિવસ્તુતિ અને ધૂનથી કાર્યક્રમનો આરંભ થયો હતો.

પ્રસંગ અને પર્વની પ્રસ્તાવના કરતાં કુ. **પૂર્ણિમા ભગતજીએ** જણાવ્યું હતું કે,

"આજે સમગ્ર ભારતમાં શ્રદ્ધાભક્તિભાવપૂર્વક ઉજવાતું મહા શિવરાત્રીનું પર્વ છે. મહા શિવરાત્રીનું આ પર્વ ભગવાન શંકરની ઉપાસના, પૂજન-અર્ચનના માહાત્મ્યને સમજાવે છે અને પ્રસ્થાપિત પણ કરે છે. ભગવાન શંકર ખૂબ ભોળા દેવ કહેવાય છે. તે ખૂબ જલ્દીથી રીઝે છે. મન ફાવે તેમ તેની ઉપાસના થાય છે. મન ફાવે ત્યારે તેના મંદિરમાં જઈ શકાય છે. એક નાનકડી લોટી, જળાધારી કે એવા કોઈ પાત્રમાં દૂધ-જળનો શિવલિંગ પર અભિષેક અને બીલીપત્રના અર્પણમાં કે ૐ નમઃ શિવાયના જપમાં તેની ઉપાસના પૂરી થયેલી ગણાય છે, આપણે પૂરી થયેલી ગણીએ છીએ. ભગવાન શંકરની ઉપાસના આ રીતે ઘણી સરળ લાગે છે. તે મહા-દેવ કહેવાય છે. પ્રત્યેક માસની અમાસ શિવરાત્રી કહેવાય છે. પણ મહા મહિનાની અમાસ મહા શિવરાત્રી કહેવાય છે. આખા મહિનામાં એક રાત્રી શિવની રાત્રી ગણાય છે. શિવાલયોમાં શિવરાત્રીએ ચોક્કસ વિધિવિધાનપૂર્વક મધરાત સુધી ભક્તિભાવપૂર્વક પૂજન-અર્ચન થાય છે. આપણે પણ આ મહા શિવરાત્રીની ભીતરમાં ડોકિયું કરીશું તો કોઈક અગોચર અનુભૂતિનાં મોતી જોવા મળશે.

મહા શિવરાત્રીના આવા આજના પર્વ નિમિત્તે તમે સૌ તો તમારા દૈનિક ક્રમ મુજબ અત્રે ઉપસ્થિત થયા છો જ્યારે મેં કોઈક અગોચર પ્રેરણાથી આજે અત્રે ઉપસ્થિત રહેવાનો પૂર્વે નિશ્ચય કર્યો હતો. એ નિશ્ચય પૂ. ગુરુદેવના આશીર્વાદ, કૃપા, પ્રેરણા ને શક્તિથી પરિપૂર્ણ થયો ને અત્રે આવી શકી છું તે મારે માટે આનંદનો વિષય છે. કારણ ગુરુ એ શિવ-સ્વરૂપ જ કહેવાય છે ને!

---

**"તેમણે સમગ્ર જીવન દરમ્યાન શક્તિની ઉપાસના ભલે કરી, પણ શિવ-કલ્યાણકારી તત્ત્વોનો તેમણે તેમનાં નવ સૂત્રો, ષડ્‌રિપુનો સંહાર અને મન, વચન ને કર્મની પવિત્રતામાં સમાવી લીધાં. એ સત-શિવ તત્ત્વોને માનવજાતના કલ્યાણ માટે તત્પર કર્યાં."**

**"અંતઃકરણને શિવત્વમાં ભેળવી દે તે શિવરાત્રી અને શિવમયતાનું મૂર્ત સ્વરૂપ તે જ રાજયોગી."**

---

મહા શિવરાત્રીનું આ પર્વ ભગવાન શંકરના માહાત્મ્યને કારણે તો નોંધપાત્ર છે જ, પણ અન્ય રીતે પણ આજનું પર્વ આધ્યાત્મિક જગતમાં નોંધપાત્ર બન્યું છે તે આજે અત્રે ઉપસ્થિત થયેલ આપણા સૌ માટે તો આનંદનો-પરમાનંદનો વિષય છે જ, પણ એ માત્ર આપણા માટે જ નહિ, આપણા સૌ ગુરુભાઈ-બહેનો માટે, સમસ્ત વિશ્વ માટે મહા આનંદનો વિષય છે. અને એનો ઉલ્લેખ કરવાનો, આજે એનું સ્મરણ કરવાનો અવસર પ્રાપ્ત થયો છે.

ગુરુદેવે કહ્યું છે : શિવ અને શક્તિનું સંચાલન મારા વડે થાય છે. તો એ વિશે પણ વિગતે સમજ પ્રાપ્ત કરવાની ઉત્કંઠા જાગે છે. ગુરુ એ શિવ-સ્વરૂપ છે. શિવ એટલે કલ્યાણકારી. ગુરુનું સાન્નિધ્ય, તેમના આશીર્વાદ, તેમનો આદેશ, તેમનો આદર્શ, તેમની દૃષ્ટિ શિષ્ય માટે કલ્યાણકારી જ હોય છે. જે શિવના-ભગવાન શંકરના શરણે જાય છે તે કલ્યાણકારી અને સર્જનાત્મક તત્ત્વોને આત્મસાત્ કરી લે છે. અસ્તિત્વનાં તમામ અસત તત્ત્વો-રૂપોનું વિગલન થઈને સત્ તત્ત્વો-સત્ રૂપો, શિવ રૂપનો આવિર્ભાવ



Scanned by CamScanner

સધાનાં તે આપોઆપ દિવ્યદ્રષ્ટા બની જાય છે. અને તે કલ્યાણકારી જ પ્રવૃત્તિ કરે છે, કરી શકે છે ને કરવા પ્રેરાય છે. પૂ. ગુરૂદેવ પુરુષ દેહધારી છે. તેમણે સમગ્ર જીવન દરમ્યાન શક્તિની ઉપાસના ભલે કરી પણ શિવ–કલ્યાણકારી તત્ત્વોને તેમણે પ્રાધાન્ય આપ્યું, તેનો આદર–સત્કાર કર્યો અને તેને આત્મ-સાત્ કરી લીધાં. એ કલ્યાણકારી તત્ત્વોનો તેમણે તેમનાં નવ સૂત્રો, ષડ્‌રિપુનો સંહાર અને મન, વચન ને કર્મની પવિત્રતામાં સમાવી લીધાં. એ સત–શિવ તત્ત્વોને માનવજાતના કલ્યાણ માટે તત્પર કર્યાં. અને ભગવાન શંકરે પોતાના હૃદયની પ્રસન્નતાપૂર્વક, ભક્તિપરાયણ દવે કુળમાં જન્મેલા નરેન્દ્ર નામધારી એક બ્રાહ્મણ યુવકના ગળામાં, એક સદ્‌ગૃહસ્થના જીવનમાં, સંસારમાં નિજનું અવતરણ કર્યું અને તેઓ મૂળભૂત રીતે શક્તિના ઉપાસક હોવાના નાતે વેદમાતા ગાયત્રીનો સાક્ષાત્કાર કરાવ્યો. પોતે પરમ શક્તિના અંશ તો છે જ, તો પરમ પિતાના પણ લાડલા પુત્ર તો ખરા જ ને ! શિવ અને શક્તિ, પુરુષ અને પ્રકૃતિ સૃષ્ટિ સંચાલનનાં બે પરિબળો છે. પરમ શક્તિ અને પરમ પિતાએ આ ભૌતિક જગતના માનવોના શ્રેય કાજે એક પવિત્ર આત્માને શોધી નિજની ઉભય શક્તિઓનું સામંજસ્ય સાધીને અવતરણ કર્યું અને ભગવદ્‌ગીતામાં આપેલા વચનને પરિપૂર્ણ કરવા કટિબદ્ધ બન્યા છે એમ કહી શકાય.

સાચું રહસ્ય તો ગુરુદેવ જ સમજાવી શકે. આ તો અબુધ અબળાનું એક ચિંતન માત્ર છે. એમાં સત્ય કેટલું હોઈ શકે ?

થોડાક જ સમય પહેલાં મેં ગુરુદેવને શિવ–ઉપાસના શિવલિંગ પર દૂધ–જળનો અભિષેક, બીલી પત્રના માહાત્મ્ય અંગે પ્રકાશ પાડવા જણાવ્યું હતું ત્યારે બહેને જણાવ્યું હતું કે ગુરુદેવ વિધિ–વિધાનની તો ના જ કહે છે ને ! પૂ. ગુરુદેવે જણાવ્યું કે એક જણને સંતાન થતાં નહોતાં ત્યારે તેમના પિતાશ્રીએ તે વ્યક્તિને મહાશિવરાત્રી કરવા જણાવ્યું હતું. આ નાનકડી વાત શિવોપાસનાના માહાત્મ્યને સમર્થન આપે છે. આજે આપણે મહાશિવરાત્રીના પર્વે તેમના સાન્નિધ્યમાં એકત્ર થયા છીએ ત્યારે આપ સૌના વતી પણ તેમને વિનંતી કરું, પ્રાર્થના કરું કે પૂ. ગુરુદેવ શિવોપાસના વિશે પ્રકાશ પાડે અને અભિષેક અને બીલીપત્રના અર્પણનું માહાત્મ્ય સમજાવે.

મહાશિવરાત્રીના આ પર્વ નિમિત્તે તેમને પ્રાપ્ત થયેલ આ અનુભવ બદલ આનંદ વ્યક્ત કરીએ. તેઓ આદર સત્કારના અધિકારી છે, અભિનંદનના અધિકારી છે. પણ આપણે તો તેમનાં બાળકો છીએ. આપણી શી હેસિયત છે ? આજે એ વાતને બે દાયકા પૂરા થાય છે. તેમણે આદરેલા સેવા કાર્યને બે દાયકા પૂરા થાય છે, ત્યારે એ બે દાયકા પર જ નજર નાખવાથી, તે અંગે થોડું ચિંતન કરવાથી કંઈક પ્રાપ્ત થશે એવા શ્રદ્ધાપૂર્વકનો પ્રયત્ન આદરવા રહ્યો. એ પ્રયત્ન પરિપૂર્ણ થાય તેવી મારી અંગત અભ્યર્થના છે, માગણી છે, ઈચ્છા છે,. વિનંતી છે.

આપણે જે પ્રસંગોની ઉજવણી કરીએ છીએ તેમાં આ મહાશિવરાત્રીના પર્વનો પણ સમાવેશ કરવો અનિવાર્ય લાગે છે. તેમનો આધ્યાત્મિકતાના અવતરણનો, પરમ શક્તિના આવિર્ભાવનો આ પરમ પવિત્ર દિવસ છે, પર્વ છે. તેઓ પરમ શક્તિના અંશ હોવાના નાતે તેમનામાં આધ્યાત્મિકતા તો ગોપિત-રૂપે સંનિહિત છે જ, તેનો તેમને આ પહેલાં પણ અહેસાસ તો હતો જ, અને તેથી જ જીવનની ગમે તેવી વિકટ પળોનો, સંજોગોનો ધીરજથી, કુનેહથી સામનો કરતા, માનાજીની મરજી સ્પષ્ટપણે જોતા, જાણતા, સમજતા, અનુભવતા અને નિજાનંદની મસ્તીમાં મસ્ત રહેતા. કોઈ ગૃહસ્થ માટે આ સરળતા સહજ નથી, જે તેમણે સાધી છે. સાધી હતી. આજની વાત જુદી છે. આજના પર્વને અનુલક્ષીને ચિંતનના સાગરમાં ડુબકી મારીને તેમના આશીર્વાદ, કૃપા અને અમીમય દૃષ્ટિથી પ્રાપ્ત થયેલી આંતર-સ્ફુરણાના શબ્દોને તેમના પુનિત ચરણોમાં સમર્પું છું.”

[ આધ્યાત્મિક કેડી, એપ્રિલ, ’૯૫

આજના પર્વ નિમિત્તે આધ્યાત્મિક વાતો તેમના જ મુખે સાંભળીએ તે ઉચિત લાગશે.

* * *

ભાઈ **શ્રી મુંજાલ** દવેએ પ્રસંગને અનુરૂપ સ્વરચિત કાવ્ય રજૂ કર્યું હતું. અત્રે એ કાવ્ય પ્રસ્તુત છે :

[ વસંતવિહાર – ચોપાઈ ]

શિવકારી શુભ મહા શિવરંજની પરમ પુનિત સુખકર દુઃખહરની
સોમનાથ શિર સુર-સરિ સરતી શિવસજની સહુ મંગલ કરતી
ગિરિ કૈલાસ દઢાસન ધ્યાની ઋતુ વસંત સેવે સન્માની....શિવકારી૦
સૌમ્ય સમીર શીતલ સુખકારી ઉદિત મુદિત મન રવિ દ્યુતિધારી
શોભિત સુંદર સ્વરૂપ ત્રિલોચન સુર અસુર નરમુનિ મન રોચન....શિવકારી૦
ભસ્મ ભુજંગ ભંગ ભૂતહર્તા કર્તા જગપાલક સંહર્તા
હરતપિનાક ડમકડમ ડમરુ નીલકંઠ કરુણાનિધિ સમરું....શિવકારી૦

* * *

[ રાગ : માલકૌંસ છંદ ]

શિવશર્વરી મહાવદ ત્રયોદશી પ્રાતઃ મંગળ સુખકર
સ્મરી શિવ ઉપાસન તાત કૃત નરનાથ સેવે શંકરમ્
ધરી હૃદય શંભુ સ્વરૂપ અનુપમ ભૂપયોગી ભજે ભવમ્
મહાશક્તિ સુત નરેન્દ્ર ધ્યાવે નગેન્દ્રનાથ સ્વસંભવમ્
પ્રભાતે પૂજન કાલે પિતૃપ્રભાવે સ્મરે દેવના દેવને ખૂબ ભાવે
જપે સુત શિવને ને શક્તિ નિહાળે હર્ષે પરિપૂર્ણલોચનથી ભાળે
મહામંત્ર ગાયત્રી ઉચ્ચારનારા અધર આજ રુદ્રી તણા પાઠ કરતાં
જગતજનનીનો લાડલો રાજયોગી જગન્નાથ મહિમા સ્વમુખે ઉચ્ચારે.
મુખ મહારુદ્રી ઉચ્ચાર, સહિત ૐકાર, ત્રિલોચન લોચન સોહે
નર મયૂર તણા ટહુકાર, રુદ્રી ઉચ્ચાર ઊઠે હિમગિરિવર ગોહે
જ્યાં હૃદય થયું કૈલાસ, પ્રગટ અવિનાશ, શંભુ ત્યાં સ્મિત કરી
નર મયૂર કંઠમાં વેદજનનીએ મમતા મૌક્તિક માળ ધરી
જગ શિવમય કરવા, ભવ ભય હરવા સુરભિ સુમની રેલવવા
પુષ્પો પાથરવા, કંટક હરવા, પાપ–તાપને હોલવવા
શિવ રાત તણા શુભ પ્રાતઃકાલે બાળ યોગીમાં શક્તિ ભરી
નર–મયૂર કંઠમાં વેદજનનીએ મમતા મૌક્તિકમાળ ધરી.

* * *

શ્રી સતીશભાઈએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે,

## "શિવ ને શક્તિથી પ્રગટયો બાળ"

'રાત્રિ' માનવીની ઘણી બધી તસ્વીરો ખેંચી જાય છે. અંધકાર તો તેનું માત્ર સ્થૂળ સ્વરૂપ છે તેનું ભૌતિક પ્રમાણ છે. ક્રિયા, ગતિ ઉપર મર્યાદા મુકાઈ જાય છે, કાર્યશીલતાનું રોકાઈ જવાની વાસ્તવિકતાની ઘટના ઘટે છે. તે છે રાત્રિ.

છતાંય, મન તો કાર્યરત રહે છે. મન અનેક આકારોનું સર્જન કર્યા કરે છે. મનનાં વમળો અવિરત ચાલ્યા કરે છે. મનને સંકલ્પો દ્વારા કાર્યરતતા સાથે ભારે લગાવ છે. મન દૂરના પ્રદેશો સુધી પ્રયાણ અને પ્રદક્ષિણા કરાવ્યા કરે છે. રાત્રિ ખચિત કોઈ આગવી આગોહવા પેદા કરે છે, જે થકી માનવી "અકાર્યશીલતા સાથે સરળતાથી મુક્ત થઈ જાય છે. પરંતુ, મનને આ હકીકત સ્વીકાર્ય નથી. મન બંધાઈ જતું નથી. રાત્રિ એટલે નિરાંત, શાંતિ, થાક ઉતરવાનું સમયનું ચોકઠું એ વાત મન મંજૂર રાખતું નથી.

પ્રકાશ પડખું ફેરવે એટલે રાત્રિ–અંધકાર. જ્ઞાનીઓ તેને 'જ્ઞાનાંધકાર' તરીકે ઓળખે છે. 'મોહ' નામ પણ આપે છે. સકળભૂતરાત્રિમાં તેઓ જાગે છે. દીવાનું અંતર્ધ્યાન થવું એટલે રાત્રિ. જ્યોત કદી આરામ કરતી નથી હોતી. માનીએ ઘડીભર કે જ્યોત આરામમાં છે તો તેને રાત્રિ કહેવાય – પ્રકાશ છે, ત્યાં સુધી જ છાયા છે. – પડછાયો છે. અંધકાર કદીય છાયાદર્શન ના કરાવી શકે. મનનો અંધકાર છે ત્યાં સુધી જ 'માયા' છે. મનનો અંધકાર જતાં માયાને જવું પડે. રાત્રિ આ ઘટનાઓ સાથે અતિ મહત્ત્વપૂર્ણ છે.

'રાત્રિનું હોવું એ નક્કર' ઘટના છે – અબાધિત સત્ય છે. રાત્રિ પ્રકૃતિ સાથે ઓતપ્રોત છે. રાત્રિને તમે કદીય પાછી ધકેલી ના શકો. અસ્વીકાર અશક્ય છે.

રાત્રિનું સ્વાગત તો આપણે આરતીથી કરીએ છીએ. પરમાત્માનો આવકાર અને સ્વાગત કરીએ છીએ. પાયાની અને અતિ મહત્ત્વપૂર્ણ સભર રાત્રિની ઘટના ઘણું મૂલ્ય લઈને અવતરી છે. આપણો અહોભાવ કેવળ પૂરતો છે, જો પ્રકાશ પરમાત્માનું એક સ્વરૂપ છે તો રાત્રિ–અંધકાર પણ તેનું જ સ્વરૂપ છે.

---

**આજનો દિવસ એટલે રાજયોગીના મને ભગવાં પહેરી લીધાં. શિવ–શક્તિના મિલનનો દિવસ–રાજયોગીજીએ શિવ ભસ્મ ચોળી છે અને ચોમેર ઉડાડી છે – શિવોઽહમ્ કહ્યું છે અહં બ્રહ્માઽસ્મિનું ભણતર ભણી ચૂક્યા છે."**

---

રાત્રિ વિશિષ્ટ રૂપ ધારણ કરે તો કોઈ રાત્રિ 'મોહ રાત્રિ–જન્માષ્ટમી' બને. કોઈ રાત્રિ ગુચ્છ 'નવરાત્રિ'નો આકાર ધારણ કરે, કોઈ રાત્રિનું 'કાળ રાત્રિ–કાળી ચૌદશ' નામાભિકરણ થાય, અને આજની આ રાત્રિ 'શિવરાત્રિ' સ્વરૂપે પ્રગટે. સમયની પટ્ટી ભલે સળંગ છે, જે તે રાત્રિમાં નિષ્પન્ન થતાં વિશિષ્ટ આંદોલનો—સ્પન્દનો દુર્લભ છે કારણકે તેનો યોજક દુર્લભ છે.

પ્રેમાવતાર કૃષ્ણ માટે રાત્રિના પરમ મોહનું આવરણ આવશ્યક છે. નવધા ભક્તિના નાદને ગૂંજવા માટે 'નવરાત્રિ મહોત્સવ' – શક્તિ સ્થાપના. મંત્રશક્તિ – યોગશક્તિની મહત્તા – પ્રતિષ્ઠા પણ 'કાળરાત્રિ-



Scanned by CamScanner

કાળીચૌદશ' અને અંતઃકરણને શિવત્વમાં ભેળવી દે તે 'શિવરાત્રિ' અને શિવમયતાનું મૂર્તસ્વરૂપ તે જ 'રાજયોગી' શક્તિનું શિવમાં પદાર્પણ એટલે સર્વમાંગલ્ય – ગણાનામત્વા ગણપતિ ગૂંહવા–રાજયોગીજીનું પ્રાગટ્ય–શિવ અને શક્તિથી પ્રગટ્યો 'આગ'. બ્રાહ્મણ હોવાના નાતે તેમનો સ્થૂળ જન્મ અને યજ્ઞોપવીન-ટાણું–એમ બે જન્મો અગાઉ થઈ ચૂક્યા હતા–બે દાયકા પૂર્વે આજના શુભ દિને તેમનો ત્રીજો આધ્યાત્મિક જન્મ – આ તેમનો અસલી અને અદ્વિતીય જન્મ છે. માને બાળ મળ્યું અને બાળને મા મળી – આ મહાભિનિષ્ક્રમણ છે. સૌ રાગોનો એક રાગ તે વિરાગ–રાજયોગીજી.

નિર્ગુણ–નિરાકાર–શિવજીને દર્શને આવવું પડે. શિવજીએ કૃષ્ણનો, રામજીનો અને રાજયોગીજીનો સ્વીકાર કર્યો છે અને જગત–પ્રતિષ્ઠા અર્પી છે. રાત્રિ જ્યારે વિશિષ્ટ બને ત્યારે પર્વ બની જાય છે–મહોત્સવ.

આ કરુણામૂર્તિ, સદાચારી આપણા વચ્ચે આજે શુભ દિને બેઠા છે. તે તે દિનથી 'સ્વ'માંથી 'સમષ્ટિ' થયા છે – 'હું' મટીને 'તું' થયા છે. પેટ છોડીને પરમેશ્વરીને પનારે પડ્યા છે. આજનો દિવસ એટલે રાજયોગીના 'મનો' ભગવાં પહેરી લીધાં–શિવ–શક્તિના મિલનનો દિવસ. રાજયોગીજીએ શિવભસ્મ ચોળી છે અને ચોમેર ઉડાડી છે–'શિવોઽહમ્' કહ્યું છે–અહં બ્રહ્માસ્મિનું ભણતર ભણી ચૂક્યા છે.

શિવજીએ તેમની ભીતરમાં રાખોડી ઉડાડી અને ગૌરી–મા ગાયત્રીએ તેમને સંસારમાં સ્થાપ્યા – **અને સન્માનિત કર્યા 'રાજયોગી' નામથી.** આ પરમ આશ્ચર્ય છે. સંસાર સેવાની ઝોળી ખભે ભેરવી આપી – અને "ૐ મા ૐ"નો અવધૂતી આનંદ ભરી આપ્યો – પોતે પણ લૂંટે છે અને અન્યને લૂંટાવે છે. આ અસાધારણ ઘટના છે.

માનવીના દુઃખ દારિદ્રયની દવા કરે છે અને પ્રેમની પડીકી સાથે બંધાવે છે–સેવન કરવા. આપણને સૌને લાગે છે – "મારા ગુરુદેવ".

પરંતુ, પ્રેમથી તેઓશ્રી વળતું પૂછે છે – "હમ આપકે, હૈ કૌન ?"

બીજી પણ એક વાત કાનમાં કહે છે :

**"સબ દર્દ મિટાને કે લિયે નહીં હૈ—**
**કુછ દર્દ કલેજેસે લગાને કે લિયે ભી હૈ"**

**— આ છે પ્રેમ, પરમની સાથેની પ્રીત.**

આ પુણ્ય પર્વે આપણી સૌની જય ઘોષણા અને અભ્યર્થના છે —

**— રાજયોગીજી અમર રહો.**
**— અમને અમારી રાત્રિઓમાંથી શિવરાત્રિ તરફ લઈ જાઓ.**
**— આ આધ્યાત્મિક ઉજાણી અમે સદાય કરતા રહીએ."**

શિવરાત્રિ

તા. ૨૭–૨–૧૯૯૫, સોમવાર,

* * *

ડૉ. **તપસ્વી નાન્દીએ** આ પ્રસંગ નિમિત્તે જણાવ્યું હતું કે,

"**તેઓશ્રી** 'દ્વિનેત્ર' હોવા સાથે '**ત્રિનેત્ર**' છે, તેમનું જ્ઞાનચક્ષુ ઉન્મીલિત છે તેથી. અને '**ત્રિનેત્ર**' હોવાથી 'શિવ'સ્વરૂપ છે. "ૐ નમઃ શિવાય ચ, શિવતરાય ચ" એવા મંત્રથી આપણે પરિચિત

છીએ. એક કડી ઉમેરીશ તે આ પ્રમાણે!— "ॐ नमः शिवाय च शिवतराय च, शिवतमाय च !" સચરાચર સૃષ્ટિ માટે તેઓશ્રી "**શિવતમ**" રૂપે પધાર્યા છે. તેઓ 'એક–રાગી' છે, કેમ કે, કેવળ શ્રી માનાં ચરણોમાં તેમનો 'રાગ' વણાયેલો છે. પણ 'એકરાગી' હોવા સાથે તેઓ 'બહુરાગી' છે, કેમ કે આપણા બધાં માટે તેમના ચિત્તમાં અનુરાગ, કરુણા છે. અને વળી 'બહુરાગી' હોવા સાથે 'વિરાગી' છે, શ્રીકૃષ્ણ જેવા ! "जन्म कर्म च मे दिव्यं" — હે અર્જુન, મારાં જન્મ અને કર્મ દિવ્ય છે — અને સામાન્યોની સમજથી પર છે. તેઓ દ્વિજન્મા (=બ્રાહ્મણ, જેનો એક ભૌતિક જન્મ અને બીજો યજ્ઞોપવીત અપાય ત્યારે થયો મનાય છે, તેથી તે 'દ્વિજ' 'દ્વિજન્મા' છે.) હોવા સાથે 'ત્રિજન્મા' પણ છે કેમ કે શ્રી સતીશભાઈએ નોંધ્યું તેમ '૪૫ની મહાશિવરાત્રિએ શ્રી માએ તેમને અધ્યાત્મદીક્ષા રૂપે મોતીની માળા અર્પેલી. આમ આપશ્રીનો અધ્યાત્મજન્મ સિદ્ધ થયો. શ્રી સુંતલભાઈએ કહ્યું — "જગજ્જનની તારા બાળકુંવરની ષષ્ટિપૂર્તિ ઉજવાતી" — આપણે આ પંક્તિ પણ મહારીએ, કેમ કે તેમના અધ્યાત્મ-જન્મનાં વીસ વર્ષ – વિંશતિ – પૂરાં થયાં. આથી આપણે સાથે ગાઈએ કે "જગજ્જનની તારા બાળ-કુંવરની 'વિંશતિપૂર્તિ' ઉજવાતી. પૂજ્યશ્રીએ જણાવ્યું કે આપણે માટે ષડ્‌રિપુના પરાજયમાં તેઓ વ્યસ્ત છે અને એ માટે છ કાર્યો તેમણે આદર્યાં છે. કામદેવ 'પંચશર' છે આ મનોભવ, મનોહારી મયૂરરાજ ષટ્–શર છ કાર્યો રૂપી છ બાણવાળા છે. પૂજ્યશ્રી આપણી સઘળી સારસંભાળ—ભૌતિકથી આધ્યાત્મિક સ્તરની — લેતા રહે એ જ પ્રાર્થના.

---

**"સચરાચર સૃષ્ટિ માટે તેઓ શ્રી શિવતમ રૂપે પધાર્યા છે. તેઓ 'એક–રાગી' છે, કેમ કે. કેવળ શ્રી માનાં ચરણોમાં તેમનો રાગ વણાયેલો છે. પણ 'એકરાગી' હોવા સાથે તેઓ 'બહુરાગી' છે, કેમ કે આપણા બધાં માટે તેમના ચિત્તમાં અનુરાગ, કરુણા છે અને વળી 'બહુરાગી' હોવા સાથે 'વિરાગી' છે."**

---

અંતે ગુરુભક્તપરિવાર વતી પૂ. ગુરુદેવનું શાલ ઓઢાડી અભિવાદન કરવામાં આવ્યું હતું. ભક્તોના અંતરની પ્રેમાદર સત્કારની લાગણીને વ્યક્ત કરતાં શ્રીમતી પ્રતીક્ષાબહેન શુક્લે જણાવ્યું હતું કે, બધા ભક્તો વતી પ્રાર્થના કરીએ છીએ કે "અમને તમારા શરણમાં રાખજો."

*　　*　　*

**પૂ. ગુરુદેવે** ભક્તોના પ્રેમનો પ્રતિભાવ દર્શાવતાં જણાવ્યું હતું કે,

"ચીંદરડી તાંતણે બંધાયો શ્રીકૃષ્ણ
ચીર પૂરાં કર્યાં, દ્રૌપદીનાં શ્રીકૃષ્ણે ભરસભામાં.
શાલ તણા તાંતણે વીંટળાયો રાજયોગી જાહેરમાં
સદાય ઢાલ રૂપી શાલ ધરું ભક્તજનોને.
શાલના પ્રેમતણા તંતુઓની સરવાણીઓમાં ભીંજાયા કરું.
ભીંજાઈને ભક્ત જનોને શીતળતા અર્પ્યા કરું."

卐

[ આધ્યાત્મિક દેહી, એપ્રિલ, '૯૫

# પરમ તત્ત્વ સાકાર ક્યારે બને ?

રાજયોગી નરેન્દ્રજી

> વિધાતાને લેખ લખાવ્યા માતે
> મોસાળમાં મા પીરસનાર
> માખણમાંથી ઘી રેલાય
> મુકરર પાંચમો પાટોત્સવ 'શ્રદ્ધા' મહીં.

એટલે જ્યારે લેખ લખાયા તે વખતે વિધાતાને માતાજીએ લેખ લખાવ્યા હતા કે અહીં આગળ મારો મુકરર પાંચમો પાટોત્સવ ઉજવાય એ રીતના લેખ માતાજીએ પોતે જ લખાવી નાખ્યા. માતાજીએ વિધાતાને કહ્યું કે તું આ લખ. એ પોતે જ લખાવનાર હોય એટલે બાકી શું રાખે ? એટલે એમણે મુકરર પાંચમો પાટોત્સવ અહીં 'શ્રદ્ધા' મહીં ઉજવવાનો આપણે આવ્યો.

આજે માતાજીનો પાંચમો પાટોત્સવ છે. માતાજીએ પાંચ વર્ષમાં આપણને બધાને ખૂબ જ અનુભવ કરાવ્યા છે. પ્રસાદી આપી છે. પરંતુ આપણે બધાએ તેના માટે શું કર્યું ? કેટલી શ્રદ્ધા ? કેટલી શરણાગતિ ? કેટલી ઉપાસના ? આ બધાનો સરવાળો કરીએ તો આપણને ખ્યાલ આવે કે આપણે શું કરીએ છીએ ? અને તેમના માટે કેટલું કર્યું છે ? આ ત્રણ વસ્તુ આપણે લેવાની. આપણે કેટલી શ્રદ્ધાથી આગળ વધ્યા છીએ. કેટલી શરણાગતિ સ્વીકારી છે ? અને કેટલી ઉપાસના કરી છે ? એનો સરવાળો કરી જોઈએ તો આપણે ક્યાં ઊભાં છીએ તેનો આપણને પોતાને જ ખ્યાલ આવી જશે.

---

**"પરમ તત્ત્વ નિરાકાર – નિરંજન છે અને એનો સાકાર રૂપે અનુભવ કરવો એ ખૂબ જ દુષ્કર છે."**

---

પરમ તત્ત્વ નિરાકાર – નિરંજન છે. અને એનો સાકાર રૂપે અનુભવ કરવો એ ખૂબ જ દુષ્કર છે. દા.ત. પવન વાય છે પરંતુ દેખી શકાતો નથી. પવન ચાલે છે હવા આવે છે પરંતુ દેખાતી નથી. તેવી જ રીતે પરમ તત્ત્વ ઉપલબ્ધ છે. પરંતુ તે જોઈ શકાતું નથી. માનવી જોઈ શકતો નથી. સંસારી જનોને ચાર પ્રકારના પવન વાય છે. ઠંડો પવન, ગરમ પવન, મિશ્ર પવન અને આંધી સહિત પવન.

ઠંડો પવન એટલે સંસારમાં દરેક ક્ષેત્રે સફળતા મળતી રહે. માણસને અનુકૂળતા મળતી રહે દરેક ક્ષેત્રમાં એટલે ઠંડો પવન આવે.

ગરમ પવન એટલે સંસારમાં દરેક ક્ષેત્રે પ્રતિકૂળતા મળતી રહે. થોડીક સફળતા મળે ને થોડીક પ્રતિકૂળતા મળે.

પવન આંધી સાથે એટલે સંસારમાં દરેક ક્ષેત્રમાં આખી જિંદગી પ્રતિકૂળતાઓથી ભરેલી હોય. એની જિંદગી આખી એ નિસાસા જ નાખતો હોય. એ આંધી સાથેની જિંદગી. એટલે પવનને ચાર પ્રકારના વર્ણવી લઈ અને ચારેય સંસારીજનોને જે અનુભવ થાય તે છે.



Scanned by CamScanner

આ બધું તો ખરૂં, પરંતુ પરમ તત્ત્વ તમને માનવ દેહ ધારણ કરીને અવનિ પર મોકલી આપ્યો છે. તમારી પરમ તત્ત્વ તરફ કોઈ ફરજ ખરી? એ ફરજ તો તે કઈ રીતે? કેવી રીતે? બસ, અહર્નિશ એને યાદ કરતા રહો એ જ તમારી ફરજ. તમારું કાર્ય. અહર્નિશ યાદ કરતા રહો. આટલું કરશો તો પણ ઘણું છે.

ઘણા બધાને માતાજીનાં દર્શન કરવાં હોય છે. પણ એ માટે પાત્રતા કેળવવી જરૂરી છે. અને પાત્રતા કેળવી હોય તો પણ વિચાર, વાણી અને વર્તનમાં એકરસ થાય પછી જ પાત્રતા કેળવી શકે. વિચાર, વાણી ને વર્તન એકરસ થાય તો જ એ પાત્રતા કેળવી શકે. અને તમે વિચાર કરજો કે તમે જીવનમાં વિચાર, વાણી ને વર્તનમાં એકરસ થયા છો? અને થયા હોય તો તમારી જાતે જ જવાબ મેળવી લેજો.

**"વિચાર, વાણી ને વર્તન એકરસ થાય તો જ એ પાત્રતા કેળવી શકે. તમે વિચાર કરજો કે તમે જીવનમાં વાણી, વિચાર ને વર્તનમાં એકરસ થયા છો? અને થયા હોય તો તમારી જાતે જ જવાબ મેળવી લેજો."**

મારી જિંદગીનાં ચુમ્માળીસ વર્ષ સુધી માતાજીએ પડદા પાછળ રહીને કાર્ય કર્યું ને મને તેનો જરા પણ અણસાર આવવા દીધો નહિ એટલે મારા ઉપર તેમણે ૪૪ વર્ષ સુધી સતત નજર રાખી. મને રડાવ્યો, હસાવ્યો, તપાવ્યો, સાચવ્યો વગેરે કાર્યો તેમણે પરદા પાછળ રહીને કર્યાં. આમ કરવા પાછળનો તેમનો હેતુ મારા ધારવા મુજબ એ હોઈ શકે કે તેમણે તેમના અંશને પૃથ્વી પર મોકલ્યો ને તેથી તેમણે તેની પર સતત નજર રાખી. આપણા સંસારીજીવનમાં પણ આપણે પોતાના સંતાનને બહાર ધંધાર્થે અથવા તો ભણવા માટે મોકલીએ છીએ તો પણ આપણે તેની તરફ ધ્યાન રાખીએ છીએ અને બધી રીતે સંતાન તૈયાર થઈ જાય પછી પોતાનો સમગ્ર વહીવટ સોંપી દે છે એમ માતાજીએ મને ૪૪ વરસ સુધી ભણાવ્યો એમ કહી શકાય. ૪૪ વરસ સુધી મને ભણતર આપ્યું અને ત્યાર બાદ અત્યારે જે કાર્ય કરી રહ્યો છું તેની સોંપણી મને કરી. જિંદગીનાં ૪૪ વર્ષમાં માતાજીએ સદેહે દર્શન આપ્યાં.

પરમ તત્ત્વ તો નિરાકાર–નિરંજન છે તો સદેહે દર્શન કેવા એવો પ્રશ્ન ઉપસ્થિત થાય. એ તો નિરંજન–નિરાકાર છે. એને શા માટે આવવું પડે? શું કરવા આવવું પડે? શા માટે દર્શન આપે? એ પ્રશ્ન ઉપસ્થિત થાય. પરંતુ જ્યારે જ્યારે પરમ તત્ત્વ તેના અંશને ધરતી પર મોકલે ત્યારે ત્યારે તે માનવદેહને સદેહે દર્શન આપે જ છે. ને સાકાર સ્વરૂપ ધારણ કરે છે અન્યથા નહિ. સાકાર સ્વરૂપે ક્યારે દર્શન આપે કે જ્યારે એ પોતાનો અંશ મનુષ દેહ રૂપે ધરતી પર મોકલે. તેની સાચવવાની જવાબદારી એ પોતે રાખે છે. પોતે સાકાર રૂપે થઈને દર્શન આપે છે. માટે જે વ્યક્તિ પરમ તત્ત્વના અંશ તરીકે દુનિયા પર આવે તેને જ સાકાર રૂપે દર્શન મળે છે અન્યથા નહિ.

હવે તેમની પરવાનગીથી મારો એક સ્વપ્ન પ્રસંગ રજૂ કરું છું:

એક દિવસ માતાજી સ્વપ્નમાં આવ્યાં. તેમના કહેવા મુજબ હું તૈયાર થઈ ગયો. તેમના કહેવા મુજબ અમે સાથે ચાલ્યાં. થોડી જ વારમાં એકદમ દરિયાકિનારો આવ્યો. કિનારા પર માતાજી થોભ્યાં. ત્યાં આગળ એક લોખંડનો થાંભલો હતો. તેને એક દોરડું બાંધેલું હતું ને તે દરિયાના પાણીની અંદર જતું હતું. ને તે દોરડાના બીજા છેડે પાણીની અંદર સિંહને બાંધેલો હતો. માતાજી મને કહે:

[ આધ્યાત્મિક ડેરી, એપ્રિલ, '૯૫



Scanned by CamScanner

આ સિંહને દોરડું પકડીને કિનારા પર ખેંચી લાવ. જે દોરડું બાંધેલું હતું તે દોરડાથી તું સિંહને બહાર કાઢી લાવ. મેં વિચાર કર્યો કે આ સિંહને ખેંચવો ને કિનારા પર લાવવો ખૂબ જ દુષ્કર કાર્ય છે. પરંતુ હુકમ સેનાપતિનો તેથી તેનો અનાદર તો થાય જ નહિ. જેથી મેં દોરડું પકડીને સિંહને ખેંચવા માંડ્યો. પરંતુ તે ખેંચાય જ નહિ. ખૂબ મહેનત કરી પણ વ્યર્થ. કારણ કે સિંહનું પાણીમાં જોર કેટલું? એ આપણને ખેંચે. આપણે દોરડું ખેંચીએ તો આપણી શક્તિ નથી કે આપણે એને ખેંચી શકીએ. મેં વિચાર કર્યો કે માતાજીએ મને આ કાર્યની સોંપણી કરી અને એમાં હું નિષ્ફળ જાઉં ને તેમને કહું કે આ કાર્ય મારાથી નહિ બને એ યોગ્ય ન કહેવાય. માતાજી ઊભાં ઊભાં મરક મરક હસતાં હતાં. એ જોતાં હતાં કે આ ખરો ખેલ થાય છે. આ દોડયા કરે છે, કર્યા કરે છે ને થાકે છે ને કરે છે. હું પસીનાથી રેબઝેબ થઈ ગયો. પછી મનોમન મેં માતાજીને પ્રાર્થના કરી કે મને શક્તિ આપો કે આપે સોંપેલ આ કાર્ય હું કરી શકું ને તરત જ મને મનમાં વિચાર આવ્યો કે હું દોરડું ઝાલીને સિંહ પાસે પહોંચી જાઉં ને ત્યાંથી તેને પકડીને લઈ આવું. આમ તો ખેંચાય જ નહિ. એટલે હું જાઉં ને પછી લઈ આવું. હું પાણીમાં ચાલતો ચાલતો દોરડું પકડીને ચાલ્યો ને સિંહ પાસે આવી પહોંચ્યો. ડરવાની જરૂરત ન હતી કારણ કે અગાઉ સ્વપ્નમાં જે સિંહ આવ્યા હતા ને તે સિંહ બધા શાંત જ હતાં. અગાઉ સ્વપ્નમાં સિંહ દેખ્યા હતા ને તે કંઈ કરતા ન હતા તેથી ખાતરી હતી કે આ સિંહ છે તે કશું કરવાનો નથી ને શાંત જ રહેશે. સિંહ પાસે પહોંચી તેને થાબડીને પછી તેની પીઠ ઉપર કૂદકો મારીને સવાર થઈ ગયો. સિંહ પર બેસી ગયો ને તેના બે કાન પકડી લીધા ને ધીરે ધીરે તેને કિનારા તરફ માતાજી પાસે ધીરે ધીરે તેને પટાવતો પટાવતો પાછો લઈ આવ્યો. કિનારા પર માતાજી પાસે દોરી લાવ્યો. માતાજી ખડખડાટ હસી પડ્યાં ને મારા બરડામાં વાત્સલ્યપૂર્ણ એક ધબ્બો મારી દીધો. સિંહ તેમની બાજુમાં બેસી ગયો. માતાજીએ સિંહ પર હાથ ફેરવ્યો ને સિંહ જતો રહ્યો. સિંહ અદૃશ્ય થતાંની સાથે જ મારી આંખો ખૂલી ગઈ ને હું સ્વપ્નને વાગોળતો રહ્યો ને આ સ્વપ્નનો શું તાગ હશે એ વિચારવા લાગ્યો.

---

**"મેં વિચાર કર્યો કે માતાજીએ મને આ કાર્યની સોંપણી કરી અને તેમાં હું નિષ્ફળ જાઉં ને તેમને કહું કે આ કાર્ય મારાથી નહિ બને એ યોગ્ય ન કહેવાય. મેં મનોમન પ્રાર્થના કરી કે મને શક્તિ આપો કે આપે સોંપેલ આ કાર્ય કરી શકું."**

---

મારા મત મુજબ જે પાણી હતું તે સંસાર ને તેમાં જે સિંહ હતો તે સિંહ એટલે ષડ્રિપુ, આ સંસારની અંદર ષડ્રિપુઓ સિંહ સમાન રહે છે ને તેને નાથવા માટે તેના પર આપણે સવાર થવું જોઈએ. એ આપણા પર સવાર ન થાય. હું સિંહ પર સવારી કરીને બહાર આવ્યો તેનો અર્થ એવો થાય કે સંસારીજનો, તમારા ષડ્રિપુ રૂપી સિંહ નાથી તેની પર સવાર થઈ બહાર આવો. તમે તમારા દુશ્મનથી મુક્ત થઈ જશો. બાકી પાણીની અંદર એટલે સંસારની અંદર ષડ્રિપુઓ તમને ખેંચશે ને તેમાંથી મુક્ત થવા માટે સિંહને પકડવા જેવા પ્રયાસ કરવો પડશે. માટે જો તમારા ષડ્રિપુને નાથવા હોય તો તમારા ષડ્રિપુઓ પર તમે સિંહ જેવા સવાર થઈ જાવ. સંસાર એ પાણી છે. એટલે ષડ્રિપુનો સિંહ પાણીમાં જ છે. ને તેને નાથવા માટે તમારે દુષ્કર પ્રયત્ન કરવો પડશે. તેના પર સવાર નહિ થાવ તો એ નીકળશે નહિ ને ષડ્રિપુ તમારા પર સવાર થઈ જશે ને તમે એમાં ઘૂંટાતા રહેશો.

□



Scanned by CamScanner

# બાર કલાકમાં ફરી જન્મ !

રાજયોગી નરેન્દ્રજી

**ગાયત્રી માતાનાં વહાલાં બાળકો,**

ડૂબી લાલિમા સૂર્ય તણી પશ્ચિમમાં
તરતી દીઠી સંધ્યા પૂર્વમાં આસો સુદ આઠમ તણી,
તે જ સંધ્યા આવકારે માતને અવનિ પરે,
માત પાડે પુનિત પગલાં 'શ્રદ્ધા માંહીં'.
અગોચર રહી આશિષ અર્પે સર્વે મનુજોને,
રાજયોગી ગોચરમાં રહી
વંદન કરે એ અગોચરીને.
માતને જાણવા જાણ એટલી
'બાળ' ત્યાં માતને આવવું પડે,
ફરવું પડે, રમવું પડે, બેઠક લેવી પડે, આનંદ કરવો પડે.

જ્યારે ઉપરોક્ત પંક્તિઓ લખી ત્યારે મારો આશય એ હતો કે સૂર્ય પશ્ચિમમાં આથમી ગયો ને આઠમની સંધ્યા નીકળી આવી.

પરંતુ તા. ૨૪-૯-'૯૪ શનિવારના રોજ માતાજીએ સ્વપ્નમાં આવીને કહ્યું કે સૂર્ય પૂર્વમાં ઊગે છે ને પશ્ચિમમાં આથમે છે તેમ માનવી જન્મે છે ને તેનો અસ્ત થાય છે. સૂર્ય ફરીથી બીજા બાર કલાકના સમય દરમિયાન પૂર્વમાં પ્રગટ થાય છે. મનુષ્યના શરીરનો આત્મા મરતો નથી, તે તો દેહ છોડ્યા બાદ ફરીથી સૂર્યની જેમ બાર કલાકમાં પાછો ફરે છે ને નવું શરીર ધારણ કરે છે. અને મને અગાઉ આપેલા સ્વર્ગ ને મૃત્યુના રહસ્યનો એક ભેદ ઉકેલાયો. [ સ્વર્ગ ને મૃત્યુના રહસ્યની વિગતવાર જાણ ઑક્ટોબર ૧૯૮૮ના 'આધ્યાત્મિક કેડી' મેગેઝીનમાં પાના નંબર ૧૨ પર કરેલ છે. ને 'સ્વજનનીની સ્મૃતિથી સાક્ષાત્કાર' ભાગ ૨ માં પાના નંબર ૪૭ પર આપેલ છે. ] હવે જે આત્મા જાય છે તેનું ફરીથી બાવિ બાર કલાકમાં નિર્માણ થાય છે અને બાર કલાકમાં તે પૃથ્વી પર પાછો ફરે છે.

વધુમાં તે વખતે ત્રણ પ્રકાશિત ગોળા હતા તેમાં પહેલો ગોળો મનુષ્ય માટે, બીજો ગોળો પશુઓ માટે અને ત્રીજો ગોળો પક્ષીઓ માટે હતો. પરંતુ તે વખતે ખુલાસો થયો ન હતો કે આત્મા એક યોનિમાંથી બીજી યોનિમાં જઈ શકે કે કેમ ? આ વખતે માતાજીએ જાણ કરી કે પ્રકાશમય ગોળા છે તે નક્કી કરે તે મુજબ તેને ગમે તે યોનિમાં મોકલી શકે છે. જેથી મનુષ્યની યોનિમાંથી ગમે તે પશુ-પંખીની યોનિમાં જઈ શકે છે, તેવી જ રીતે પશુ-પંખીની યોનિમાંથી મનુષ્યની યોનિમાં આવી શકે છે, પરંતુ આ બાર કલાકની અંદર જ નક્કી થાય. વધારે રોકાવું પડે નહિ. મનુષ્યનો જન્મ થયો હોય



Scanned by CamScanner

પરંતુ તેની પૂર્વ જન્મની યોનિ વિકરાળ પશુઓની હોય તો તે બીજો જન્મ ધારણ કરે પરંતુ ગત જન્મના થોડા અંશો આ જન્મમાં ધારણ કરે છે. જેથી કરીને આપણે જોઈ શકીએ છીએ કે આ પશુયોનિમાંથી આવે છે. દા. ત. જે ચાકુ મારે, ગોળી મારે, ખૂન કરે, એ શું છે? થોડાક જ માણસો આવું કરે છે, બધા કરતા નથી. માટે તે તેના પૂર્વજન્મના સંસ્કાર છે.

વધુમાં માણસો પાસે જે પાળેલાં પશુ-પંખી છે તે તેમનો હિંસક સ્વભાવ છોડીને મનુષ્યના જેવો સ્વભાવ ધારણ કરે છે. તેઓ ગત જન્મના મનુષ્ય યોનિના હોવા જોઈએ એમ મારું માનવું છે. માટે સત્કર્મ કરો, જેથી મનુષ્ય યોનિમાં જ જન્મ મળે, તેના માટે પ્રબળ પુરુષાર્થ આદરવો પડશે.

## ડાબી-જમણી બાજુની વાત

આ અઠવાડિયામાં એક બહેન મારી પાસે આવ્યાં ને કહે "ગુરુદેવ, તમે હિંચકા પર બિરાજમાન થાવ છો તો તમારી જમણી બાજુએ ભાઈઓને બેસાડો છો ને ડાબી બાજુ બહેનોને બેસાડો છો. વળી જ્યારે કુટિરમાં કંઈ પણ બોલવા ઊભા થાવ છો ત્યારે પણ તમે ભાઈઓ બાજુ જ ઊભા રહો છો! આનું રહસ્ય શું?"

મેં કહ્યું: "બહેન, મને આ બાબતનો કંઈ પણ ખ્યાલ નથી. આકસ્મિક જ ગોઠવાઈ ગયું છે. મારે કોઈ વહાલાં કે અળખામણાં એવું છે જ નહિ." ને થોડો વિચાર કર્યા બાદ મેં બહેનને કહ્યું: "આ વાતનો ખુલાસો હું આશ્રમ પર કરીશ. હવે આવી ડાબી અને જમણી બાજુની વાત. જમણી બાજુવાળા ખુશ થાય, પણ ડાબી બાજુવાળાને એમાંથી અધિક મળે છે, જ્યારે હું ઊભો રહી અથવા બેઠા રહી કાંઈ બોલતો હોઉં તો મારો ડાબો હાથ ખાલી રહે; આનો આધ્યાત્મિક અર્થ એવો લઈ શકાય કે હું જે કંઈ કહું છું, બોલું છું, તે ડાબા હાથથી તમારા મુખમાં મૂકું છું. જ્યારે જમણા હાથવાળાને ખુદને મોમાં મૂકવું પડે છે. આનાથી અધિક તમારે શું જોઈએ? બીજું શરીરની રચનાની અંદર હૃદય હંમેશાં ડાબી બાજુએ આવેલું છે. જેથી ડાબી બાજુવાળાને હૃદય મળે છે. એનો અર્થ એ કે હું તમારા હૃદયમાં, તમો મારા હૃદયમાં. જમણી બાજુવાળાને પણ હું જ છું. આ તો માત્ર વિશ્લેષણ છે. આ બાબતની છણાવટ થઈ ગઈ.

## પરમ શક્તિ સ્વયં મારી સાથે રમતાં હતાં!

હવે સ્વપ્નની વાત આગળ ધપાવું. દશ્ય બદલાય છે. દરિયાકિનારાના એક સ્થળે મારો કાર્યક્રમ ચાલે છે. સાંજના કાર્યક્રમ પતી ગયા પછી મુંજાલ અને બીજા માણસોએ ગરબાનો પ્રોગ્રામ ગોઠવ્યો હતો. ઘણી બધી બહેનો ગરબા ગાતી હતી. મુંજાલ કહે: "ગુરુદેવ, ગરબામાં પધારો." મેં ના પાડી, ને અમારા ઉતારાના સ્થળ પર મોટરમાં બેસીને આવી ગયાં.

હું અને બહેન ઘરે આવ્યાં ને જોયું કે મારા રૂમની અંદર પુષ્કળ ભેટ-સોગાદો પડી હતી. એક મરુદી કલરનું સીલ્કનું શર્ટ હતું, જેના પર આઠ સોનાની સાંકળો (ચેઈન) લટકતી હતી. બહેને કહ્યું: "આ બધી ભેટ-સોગાદો આપના માટે છે." મેં કહ્યું, "મારે આ ભેટ-સોગાદો લઈ જવી નથી. ઘરે આવ્યા બાદ મને ગરબામાં જવાનો વિચાર આવ્યો, જેથી હું ઉતાવળમાં તૈયાર થઈ ગયો. મેં બ્રીજીસ અને ઝભ્ભો પહેર્યાં અને ગરબા ગાવાના હતા, જેથી કેડીયું કમર પર બાંધ્યું. હું અને બહેન ગાડીમાં બેસીને જ્યાં આગળ ગરબા ગવાતા હતા તે સ્થાનમાં આવી પહોંચ્યાં અને હું ગરબામાં વચ્ચે સામેલ થઈ ગયો. થોડીવાર બાદ આશરે ૨૪-૨૫ વર્ષની ઉંમરનાં એક બહેન મારી સાથે રમવા આવ્યાં. મને



Scanned by CamScanner

એવો ખ્યાલ આવ્યો કે બહેનજી બહારથી અન્ય બહેનોને ગરબા ગાવા મોકલે છે તેમ આ બહેનને પણ બહેનજીએ જ મોકલ્યાં હશે. ગરબાની અંદર તે બહેને બહુ જ આત્મીયતાથી જુદી જુદી એક્શનથી મારી સાથે ગાવા માંડ્યું. થોડીવાર બાદ મારી નજર તેમના પગના પંજા પર ગઈ ને મને આશ્ચર્ય થયું ! મા પરમશક્તિ સ્વયં મારી સાથે રમતાં હતાં. હું તેમને પગે લાગવા જતો હતો પરંતુ તેમણે ઈશારાથી ના કહી, જેથી હું માને મનોમન વંદી રહ્યો. હવે તો મને કોઈ જાતનું બંધન જ નહતું. "મા-બાળ" સાથે હતાં. જેથી હું પણ પૂરજોશથી – મોકળા મને માની સાથે ખૂબ ઝૂમી રહ્યો. અલૌકિક આનંદની ક્ષણો હતી. લગભગ એકાદ કલાક પછી જાણે વીજળીનો ઝબકારો થયો ને માતાજી અંતર્ધ્યાન થઈ ગયાં, ત્યારે જ બધાંને ખ્યાલ આવ્યો કે આ તો સ્વયં માતાજી હતાં.

માણસોનું ટોળું મારા દર્શન કરવા મારી સામે ધસી આવ્યું. મુંજાલ અને બીજા કાર્યકર્તાઓએ કોર્ડન કરી લીધો. બહેનોએ તેમનાં આભૂષણો, સોનાનાં આભૂષણો મારી સમક્ષ ધરી દીધાં, ને જોતજોતામાં આભૂષણોનો મોટો ઢગલો થઈ ગયો. મેં કહ્યું : "બહેનો, તમારા આભૂષણો પાછાં લઈ લો. મારે તે ન જોઈએ." બધાંના દર્શન પતી ગયા બાદ મેં બધાંને તરત ઘરે જવાની ના પાડી ને એક ખુરશીમાં બેસીને બધાં આભૂષણો અભિમંત્રિત કર્યાં અને પછી જે જે વ્યક્તિઓનાં આભૂષણો હતાં તે તે વ્યક્તિને પરત કરી દીધાં. આટલું થયા બાદ મારી આંખ ખૂલી ગઈ ને હું માતાજી સાથેના ગરબાની રમઝટનાં સંસ્મરણો વાગોળતો આનંદમાં ખોવાઈ ગયો.

## ઘૂમવું નથી આઠમે

તા. ૯-૧૦-'૯૪ રવિવારે વહેલી સવારે બે વાગે હું પલંગમાં સૂતો હતો ત્યારે માતાજીનો સ્પર્શ થતાં હું જાગી ગયો. માતાજી મારી સાથે પલંગમાં બિરાજમાન હતાં. માતાજીનો મૃદુ અવાજ સંભળાયો કે,

**"ઘૂમવું નથી આઠમે, ઘૂમીશું સાતમે સ્વપ્નામાં."**

આટલા શબ્દો સંભળાવી માતાજી ક્યારે અંતર્ધ્યાન થઈ ગયાં તેનો મને ખ્યાલ ન રહ્યો. સવારે ઊઠીને આ શબ્દો-પંક્તિઓ મેં લખી લીધી અને ત્યારે મારા મનની મૂંઝવણ વધી ગઈ કે મારે ગરબામાં ઘૂમવાનું નથી કે શું ? હું જરા બેચેન થઈ ગયો. સાતમે રાતે જ ખ્યાલ આવ્યો કે માતાજીએ સ્પષ્ટતા નથી કરી કે મારે ઘૂમવું નથી કે માતાજીને ઘૂમવું નથી. મેં વિચાર કર્યો કે સાતમે સ્વપ્નમાં માતાજી આવશે ત્યારે આની સ્પષ્ટતા કરી લઈશ.

તા. ૧૧-૧૦-'૯૪ મંગળવાર, નવરાત્રિની સાતમે લગભગ રાતે બે વાગે સ્વપ્નમાં માતાજી મારી સાથે ગરબા રમવા પધાર્યાં.

હું જાણે કે મારી રૂમમાં સોફા-ખુરશીમાં બેઠો છું. માતાજી પધાર્યાં અને મારી બાજુના સોફામાં બિરાજમાન થયાં. મને કહે, "ચાલ ગરબા રમવા તૈયાર થઈ જા." હું બાથરૂમમાં જઈ ધોતિયું, ઝભ્ભો પહેરી, કમરે કેડિયું બાંધીને તૈયાર થઈને આવ્યો અને માતાજી પાસે ઊભો રહ્યો. માતાજી મારી સામું જોઈને મરક મરક હસ્યાં. અને ઊભાં થઈને મારા મસ્તક પર તેમનો વરદ હસ્ત મૂક્યો ને તરત જ હું ૧૯-૨૦ વર્ષની નાજુક કન્યામાં પરિવર્તિત થઈ ગયો. લાલ રંગની સોનેરી ડીઝાઈનની સાડી અને બ્લાઉઝ મેં પરિધાન કર્યાં હતાં. બીજાં આભૂષણો હતાં હાથમાં સોનાના પાટલા પાઈપ જેવા બે દાંડિયા હતા; મને માતાજી કહે, "તું અરીસામાં જોઈ લે." મેં જોયું તો મારી કિશોરાવસ્થામાં હું જેવો દેખાતો હતો તેવો નાજુક દેખાવ હતો, પરંતુ મારું કન્યામાં પરિવર્તન થઈ ગયું હતું. ચશ્માં ન હતાં.

[ આધ્યાત્મિક કેડી, એપ્રિલ, '૯૫

માતાજી અને હું મારી રૂમમાંથી મંદિરમાં આવ્યાં. મારી આદત મુજબ મેં માતાજીનાં દર્શન કરી વંદન કર્યાં. માતાજી મરક મરક હસ્યાં. પછી અમે બન્ને ચોકમાં આવીને ઊભાં રહ્યાં.

માતાજીએ તેમના હાથમાં રહેલા સુવર્ણનો દાંડિયો ઝણઝણાવ્યો અને એની સાથે અંતરિક્ષમાંથી પાંચ દૈવી કન્યાઓ 'શ્રદ્ધા' ચોકમાં ઊતરી આવી. એવી જ રીતે બીજા ચાર વખત દાંડિયા ઝણઝણાવ્યા અને દર વખતે પાંચ પાંચના ગ્રુપમાં દૈવી કન્યાઓ અંતરિક્ષમાંથી ઊતરી ચોકમાં આવી. આમ કુલ પચીસ કન્યાઓ 'શ્રદ્ધા' ચોકમાં ગોળાકારમાં ગોઠવાઈ ગઈ. દરેક કન્યાએ લાલ રંગની સાડી, બ્લાઉઝ અને આછાં આભૂષણો પરિધાન કર્યાં હતાં. માતાજી અને હું ગરબામાં મધ્યમાં હતાં.

અંતરિક્ષમાંથી જ રાસનું સંગીત રેલાયું અને એ સંગીતના તાલે જ અમે બધાંએ રાસ રમવો શરૂ કર્યો. માતાજી અને હું ગરબાની મધ્યમાં રમતાં હતાં. મને સાડી પહેરીને રાસ રમવાનું ફાવતું ન હતું. સાડી અટવાઈ જતી હતી તેથી મૂંઝાઈ ગયો હતો. માતાજી મારી મૂંઝવણ પામી ગયાં હોય તેમ મને ઊભો રાખી મારા મસ્તકે તેમનો હસ્ત મૂક્યો અને હું ૧૯–૨૦ વર્ષનો નવયુવાન મારા અસલ પહેરવેશ(બ્રીજીસ, ઝભ્ભો, કેડિયું)માં આવી ગયો. માતાજી અને હું રાસમાં જુદી જુદી મુદ્રાઓમાં ખૂબ રમ્યાં–ઝૂમ્યાં, પછી માતાજીએ મને બે હાથમાં ઊંચો કરીને ઘૂમવા માંડ્યું, અને મને હવામાં ઉછાળ્યો. ગરબામાં ઘૂમતી બીજી દેવીઓએ મને ઝીલી લીધો અને ઊંચા હાથ કરીને મને હાથમાં રાખીને એક પછી એક દરેકના હાથમાં મને પસાર કરતાં જાય અને ગરબામાં ઘૂમતાં જાય. થોડી વાર પછી મને નીચે ઉતાર્યો અને હું માતાજી સાથે ગરબામાં મધ્યમાં આવી ગયો.

માતાજી મધ્યમાં બાજુ પર ઊભાં રહ્યાં અને ઈશારત કરી એક એક દેવીને મારી સાથે રમવા જણાવ્યું. દરેક દેવી જુદી જુદી મુદ્રામાં મારી સાથે રાસ રમી. લગભગ એક કલાક અમે રાસની રમઝટમાં રમ્યાં–ઝૂમ્યાં. પછી માતાજીએ ઈશારાથી રમવાનું બંધ કરાવ્યું તેની સાથે જ સંગીત પણ બંધ થઈ ગયું.

અગાઉની જેમ જ માતાજીએ દાંડિયાને ઝણઝણાવ્યો અને છેલ્લા આવેલા પાંચના ગ્રુપની દેવીઓ અદૃશ્ય થઈ ગઈ. તે જ રીતે વારાફરતી પાંચ પાંચના ગ્રુપમાં દાંડિયાના ઝણકારે દેવીઓ અદૃશ્ય થઈ ગઈ.

માતાજી અને હું મારી રૂમમાં આવ્યાં અને પલંગમાં બેઠાં. મેં માતાજીને વિનંતી કરીને મારી મૂંઝવણ જણાવી કે, "ઘૂમવું નથી આઠમે" તેનો શું અર્થ ? માતાજી એકદમ ખડખડાટ હસ્યાં અને મને કહ્યું, "મારે ઘૂમવું નથી આઠમે" માતાજીનો મર્મ હું પામી ગયો, મારી મૂંઝવણ ટળી ગઈ.

સ્વપ્ન પૂરું થયું, મારી આંખ ઉઘડી ગઈ. હું તરત જ બેઠો થઈ ગયો, આનંદની અનુભૂતિને વાગોળતો હતો અને ત્યાં જ મને ગરબાના શબ્દો સ્ફુર્યા—

**હો મા !**
**ઘૂમવું નથી આઠમે....**
**રાખજે હાજરી તારી હો મા !....ઘૂમવું નથી આઠમે૦**
**બાળને જોવા આવજે હો મા !....ઘૂમવું નથી આઠમે૦**
**ગરબાની રમઝટ નિહાળજે હો મા !....ઘૂમવું નથી આઠમે૦**
**આવજે અર્પવા આશિષ હો મા !....ઘૂમવું નથી આઠમે૦**



Scanned by CamScanner

નથી જોવા રંગમંચો દુનિયા તણા,
જ્યાં જ્યાં પધારે માત, એ મુજના રંગમંચો.

નથી માણવી મહેફિલો દુનિયા તણી,
જ્યાં જ્યાં માત મુજ સાથ બેસે, એ મુજની મહેફિલો.

નથી જમવું મનગમતું દુનિયા તણું,
શબ્દો સુણું માત તણા, એ મુજનું ભોજન.

નથી ખપતા મોજશોખો દુનિયા તણા,
જ્યાં જ્યાં મળે સાન્નિધ્ય માત તણું,
એ મુજબના મોજશોખો.

નથી મેળ ખાતો મુજનો આ દુનિયા મહીં,
મુજ તણો મેળ માતની સંગ આ દુનિયા મહીં.

[ ૨ ]

ઘૂમવું નથી આઠમે, ઘૂમીશું સાતમે સ્વપ્નમાં.
હે માત, તુજ હસ્તક ગૂઢ સંકેતો,
અર્પજે બુદ્ધિ, ગૂઢ સંકેતો ઉકેલી શકું.

હે માત,
તુજ યાદમાં,
સૂર્ય–ચંદ્ર ફરકી ગયા,
મુજ અશ્રુઓ થીજી ગયા,
થીજેલ અશ્રુઓ માંહી,
પ્રતિબિંબ તારું,
તું આવ
તેં મોકલેલ અંશના,
મિલનની આગને બુઝાવ.

□



Scanned by CamScanner

# દયા

રાજયોગી નરેન્દ્રજી

હૃદયમાં પ્રેમ, લાગણી અને અનુકંપાનું સંમિશ્રણ થતાં દયાનો ભાવ નિષ્પન્ન થાય છે.

કોઈ પણ મનુષ્ય સારી કે માઠી, સફળ કે નિષ્ફળ, પ્રતિકૂળ કે સાનુકૂળ ગમે તે પરિસ્થિતિમાં હોય તો પણ સૌને માટે દયા રાખવી મનુષ્યનો ધર્મ છે.

શ્રીમદ્‌ ભગવદ્‌ગીતામાં દયાને સાત્વિક ગુણ તરીકે ગણાવ્યો છે. તેથી મનુષ્યની તે દિશામાં પ્રવૃત્તિ થવી જરૂરી છે. પરમ તત્ત્વની કૃપા અને પ્રસન્નતા પામવા દયાભાવ એક સેતુ સમાન બની રહે છે.

લાચાર અને નિ:સહાય દશામાં દયાભાવ વિશેષ જરૂરી અને અનિવાર્ય બની રહે છે.

માત્ર મનુષ્ય માટે જ નહિ, પશુ, પક્ષી કે અન્ય જીવો માટે પણ દયા રાખવી એ મનુષ્યની ફરજ છે.

દયા એ હૃદયમાં ઉદ્‌ભવતો એક સૂક્ષ્મ સદ્‌ભાવ છે અને હૃદય દ્વારા તે મનુષ્યના સમગ્ર વ્યક્તિત્વ અને અસ્તિત્વમાં ફરી વળે છે. એની આંખોમાં ઉભરાય છે. વૃત્તિ અને પ્રવૃત્તિમાં ફેલાય છે. લાચાર અને અસહાય મનુષ્યને સહાય કરવા, સાંત્વન આપવા અંતર કટિબદ્ધ બને છે.

આ દયાભાવ માનવીના તમામ સંબંધવિશેષોથી પર થઈને પ્રવર્તન પામે છે. અર્થાત્‌ આપણાં સ્વજનો, મિત્રો, સ્નેહીઓ માટે તો અંદરોઅંદર દયાભાવ રહે જ છે, પણ જે લોકો સાથે કોઈ નિસ્બત નથી, કોઈ પરિચય નથી, કોઈ નાતો નથી, આપણું જે સ્વજન નથી તેવાઓની પણ લાચાર અને નિ:સહાય દશા જોઈને દિલ દ્રવી જાય, દિલમાં અનુકંપા જાગે ત્યારે દયા કહેવાય. ત્યારે મનુષ્યમાં માનવતા જાગ્રત છે એમ કહી શકાય.

આમ દયાને સીધો સંબંધ માનવતા સાથે છે. મનુષ્યની – પ્રાણીમાત્રની લાચાર – અસહાય દશા જોઈને હૃદય માત્ર દ્રવી જાય ને આંખના ખૂણા માત્ર ભીના થઈ જાય ત્યારે દયા ઉદ્‌ભવેલી ગણી શકાય. એ જ સાચો દયાભાવ.

એટલે આપણી તમામ વૃત્તિ અને પ્રવૃત્તિની પેલે પાર પણ હૃદય અનુકંપા અનુભવે ત્યારે દયાનો ઉદ્‌ભવ થયેલો ગણી શકાય.

દા. ત. કોઈ અંધજન રસ્તો ઓળંગવા ફાંફા મારતો હોય તો તેનો હાથ પકડી રસ્તો ઓળંગાવવો ને અંતરમાં તેની આ દશા માટે અનુકંપા જાગવી કે અરેરાટી આવવી ને મનોમન તેના શ્રેય માટે, તેના રક્ષણ માટે પરમાત્માને પ્રાર્થના કરવી અથવા સહજભાવે જ પ્રાર્થના થઈ જાય તે દયા છે.



Scanned by CamScanner

ધોધમાર વરસાદમાં કોઈ બકરી કે કૂતરું આપણા ઓટલા પર આવી બેસે તો તેને ન હંકારતાં તે ભલે બેઠું એવો ભાવ આવવો તે પણ દયા છે.

જીવનની સમસ્યાઓથી ત્રાસેલી કોઈ વ્યક્તિ આપણી પાસે આવી વેદના ઠાલવે તો તેની હૈયા-વરાળને સહાનુભૂતિથી સાંભળવી ને તેને આશ્વાસનના બે શબ્દો કહેવા તે દયા છે.

કોઈકની પ્રતિકૂળતાઓ પિછાનીને આપણાથી બને તેટલી અનુકૂળતા કરી આપવી, મુશ્કેલ પરિસ્થિતિમાં સાથ-સહકાર, પ્રેમ ને હૂંફ આપવાં તે દયા છે.

આમ દયા એ કેવળ એક ભાવ છે. સ્પંદન છે, જેના દ્વારા મનુષ્ય માનવતાને ખીલવી શકે છે અને આત્મસાત્ કરી શકે છે. માનવતાને ખીલવવા અને આત્મસાત્ કરવા દયા અનિવાર્ય અને આવશ્યક છે.

દયા એ મનુષ્યજીવનની શોભા છે, અલંકાર છે. અલંકારોથી જેમ મનુષ્ય સુંદર દેખાય છે તેમ દયાથી તેનું સમગ્ર જીવન શોભાસ્પદ અને આદરપાત્ર બને છે. દયા એ મનુષ્ય જીવનની ધજા છે. માનવતાની ધજા છે. મંદિરે દર્શન કરવા આવતા દર્શનાર્થીને દૂરથી મંદિરની ધજા નિહાળીને મંદિરની નિકટ આવી પહોંચ્યાનો, મંદિરમાંના ભગવાનની નિકટ આવી પહોંચ્યાનો આનંદ થાય છે તેમ અસહાય-લાચાર મનુષ્ય પોતાના જીવનપથ પર ચાલતો હોય ત્યારે કોઈકના જીવનના ઘુમ્મટ પર ફરકતી દયાની ધજા જોઈને તેનામાં આશા જન્મે છે. આમ દયા એ નિરાશ મનુષ્યમાં આશા જન્માવવાનું અને શક્તિનો સંચાર કરવાનું કાર્ય કરે છે.

---

**"દયા સાત્ત્વિક ગુણ ભલે ગણાવ્યો છે પણ હું એથી આગળ વધીને કહીશ કે દયા એ માત્ર સાત્ત્વિક ગુણ જ નથી. મનુષ્યનું સત્કર્મ પણ છે. જેમણે સત્કાર્ય કરવું છે તેઓ કદી દયાભાવ વિસરે નહિ, ચૂકે નહિ."**

---

દયાને સાત્ત્વિક ગુણ ભલે ગણાવ્યો છે પણ હું એથી આગળ વધીને કહીશ કે દયા એ માત્ર સાત્ત્વિક ગુણ જ નથી, મનુષ્યનું સત્કર્મ પણ છે. અને એ બહુ મોટું સત્કર્મ છે. જેમણે સત્કાર્ય કરવું છે, તેઓ કદી દયાભાવ વિસરે નહિ, ચૂકે નહિ. એ સત્કર્મ પરમાત્માની પ્રસન્નતા અને કૃપા પ્રાપ્ત કરાવી આપે છે. પરમાત્માનો પરિચય કરાવે છે, તેની પ્રતીતિ કરાવે છે. હૃદયમાં પ્રેમ, લાગણી અને અનુકંપાના સંમિશ્રણથી અલૌકિક આનંદ નિષ્પન્ન થાય છે. સંતોષ ઉદ્‌ભવે છે, જેના દ્વારા અંતર પરમ તત્ત્વ પ્રત્યે ભાવપૂર્વક, શ્રદ્ધાપૂર્વક, શરણાગતિપૂર્વક વધુ ને વધુ ઢળતું જાય છે.

દયાનો પ્રતિઘોષ દયાથી જ મળે છે અને તે પણ પરમ તત્ત્વની દયાથી. આપણે કદીક પણ કોઈના પર પણ દયા રાખી હશે તો પરમાત્મા આપણા પર દયા રાખશે. પરમાત્માની દયા થઈ જાય પછી જોઈએ શું ?

આમ દયાના આદાનપ્રદાનથી આનંદ-સંતોષ ને પરમ તત્ત્વની કૃપા પ્રસન્નતા મળે છે.

સૌ સંસારી મનુષ્યો માટે દયાના ભાવ કેળવવો અનિવાર્ય અને આવશ્યક તો છે જ, પણ જેઓ આધ્યાત્મિક માર્ગે વળ્યા છે. તેઓને માટે પણ દયાભાવ કેળવવો વિશેષરૂપે અનિવાર્ય છે. દયા એ આધ્યાત્મિક ભાવ છે. એનું આચરણ પરમ તત્ત્વ તરફ લઈ જનારું છે.



Scanned by CamScanner

પરમાત્માને દયાળુ કહ્યો છે. તો તેના ભક્ત બનવા ઈચ્છનારે પણ દયાભાવ કેળવવો એ પ્રથમ શરત બની જાય છે. પ્રેમ, લાગણી અને અનુકંપાના ભાવથી મનુષ્યનું હૃદય સ્વચ્છ બનતું જાય છે. અંદરની મલિનતા દૂર થતી જાય છે. જેમ જેમ મલિનતા દૂર થતી જાય છે તેમ તેમ તેનામાં આધ્યાત્મિક સમજ અને સૂઝ ખીલતાં જાય છે. અંતરમાં આધ્યાત્મિક સમજણનો ઉદય થતાં તે માર્ગ તરફ મનુષ્યની ગતિ વધુ વેગીલી બને છે. એ વેગીલી ગતિના આધારે તે પરમતત્ત્વની સમીપ ધીમે ધીમે પણ સરકતો રહે છે.

ઉપરાંત મનુષ્યમાં જાગ્રતિ આવતી જાય છે, સભાનતા આવતી જાય છે, જેને પરિણામે તે કદી કોઈને દુભવવાનો પ્રયત્ન નથી કરતો. કોઈની લાગણી દુભાય કે કોઈની માનહાનિ થાય તેવું કૃત્ય કરવા પ્રેરાતો નથી. એવી સભાનતા સતત રહેવાને કારણે સૌને માટે તેના દિલમાં પ્રેમ, લાગણી, અનુકંપા ને સહાનુભૂતિ જ ઉદ્‌ભવતાં રહે છે. આથી તો મનુષ્યનો આત્મા ઊર્ધ્વગામી બને છે. વિકાસગામી છે. તેનો આત્મવિકાસ થાય છે, ચેતોવિસ્તાર સધાય છે. માનવચેતના પર બાઝેલાં જડતાના, અહંકારના, સંકુચિતતાના જાળાં દૂર થતાં જાય છે અને નિજના કલ્યાણ માટે, અન્યના કલ્યાણ માટે, શ્રેય માટે, હિત માટે, લાભ માટે સજાગ બને છે, તે તરફ પ્રેરાય છે અને તેમ કરતાં પરમ તત્ત્વને અભિમુખ બને છે. પરમ તત્ત્વમાં રસ કેળવાય છે, શ્રદ્ધા, શરણાગતિનો ઉદ્‌ભવ થાય છે અથવા તો તે ઘનિષ્ઠ બને છે.

---

**"તમારા હૃદય, તન, મન, પ્રાણ સમસ્ત વ્યક્તિત્વ અને અસ્તિત્વને પ્રેમ, લાગણી અનુકંપા અને સહાનુભૂતિથી ભરી દો અને પછી જ ઈશ્વરસ્તુતિની શરૂઆત કરો, જપ કરો ને શું થાય છે તે અનુભવો."**

---

મનુષ્યના અંતરમાં પ્રેમ, લાગણી, અનુકંપા અને સહાનુભૂતિના પ્રવર્તનથી ઈર્ષ્યા અને અહંકાર દૂર થાય છે, કોઈને પણ મદદરૂપ થવાની ભાવના જાગે છે, દરેકનો વિશ્વાસ સંપાદન કરી શકાય છે, સૌના પ્રીતિપાત્ર, માન–આદરના અધિકારી બની જાય છે. એટલું જ નહિ, એવા મનુષ્ય પર ઈશ્વરની કૃપા, પ્રેમ, આશીર્વાદ, પ્રેરણા અને શક્તિ ઊતરે છે અને ઈશ્વરની સમીપ પહોંચી જવાય છે અને પછી તેની પ્રાપ્તિ બહુ દૂર નથી રહેતી.

આમ, જેમણે સદ્‌ગૃહસ્થ બનવું છે, જેમણે સત્કાર્યો કરવાં છે, જેમણે પરમ તત્ત્વની કૃપા–પ્રેમ મેળવવાં છે, તેની પ્રાપ્તિ કરવી છે, આધ્યાત્મિક માર્ગે જવું છે, જેમને મોક્ષ મેળવવાની ઈચ્છા છે, આત્મવિકાસ સાધવો છે, જેમણે જ્ઞાન પ્રાપ્ત કરવું છે, ભક્તિ કરવી છે, ધ્યાન કરવું છે તે સર્વ જનોને માટે પ્રથમ શરત છે ને તે એ જ કે તમારા તન, મન, હૃદય, પ્રાણ, સમસ્ત વ્યક્તિત્વ અને અસ્તિત્વને પ્રેમ, લાગણી, અનુકંપા અને સહાનુભૂતિથી ભરી દો અને પછી જ ઈશ્વરસ્તુતિની શરૂઆત કરો, જપ કરો ને શું થાય છે તે અનુભવો.

□



Scanned by CamScanner

# 'પરમના સાન્નિધ્યે': સામુહિક ભાવપૂન

**પૂ.** **ગુરુદેવના** પુત્ર ચિ. ભાઈશ્રી યોગેશભાઈએ પિતાના આધ્યાત્મિક–સાક્ષાત્કારી શિખરનો પરિચય મેળવવા પ્રબળ પુરુષાર્થ આદર્યો છે. તેમણે પોતાના પિતામાં વિશ્વપિતાનાં દર્શન કર્યાં છે. એ દર્શનના આધારે નિજના વિશ્વપિતાના આધ્યાત્મિક શિખરનો પરિચય પૂ. રાજયોગી નરેન્દ્રજીના વિશ્વના સૌ માનવબન્ધુઓને, રાજયોગીના તમામ ચાહકોને, પરમ શક્તિના–તત્ત્વના સૌ ભક્તોને કરાવવા તેઓ પોતે પોતાની દૃષ્ટિથી વિવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. પૂ. ગુરુદેવનાં વિવિધ રૂપોનું–પ્રસંગોનું ફિલ્માંકન કરી તેમણે સંગ્રહ કરી લીધો છે.

ગુરુપૂર્ણિમાના પર્વ નિમિત્તે તા. ૨૨–૭–'૯૪ના રોજ તેમણે એક નવતર પ્રયોગ કર્યો હતો. સંગીત દ્વારા, વિવિધ ભજનો દ્વારા, પરમશક્તિનાં આનંદ ને અનુભૂતિ મેળવવા તેમણે સંગીતનો એક કાર્યક્રમ રજૂ કર્યો હતો. સૌએ તે ધ્યાનથી સાંભળ્યો ને માણ્યો હતો.

પરમ શક્તિના અંશનો અંશ સમષ્ટિના શ્રેયાર્થે સળવળી રહ્યો છે. તેને પ્રોત્સાહન, સાથ ને સહકાર આપવાં જરૂરી છે.

પરંતુ આ સમગ્ર સંગીતના કાર્યક્રમ પાછળ તેમની જે દૃષ્ટિ હતી, જે વિચારધારા હતી તે સમજવી જરૂરી છે. સૌને એમાંથી કંઈ ને કંઈ પ્રેરણા મળશે.

---

**"આ સમયે વિશ્વપિતાએ ત્યાં બિરાજમાન સર્વ ભક્તગણને જે અનુભવ વક્તવ્ય દ્વારા કરાવ્યો તેની વીડિયો કે ઓડિયો તે સમયે ઊતારી શકાઈ નહોતી અને વિરલ વિભૂતિએ કરેલી આ લીલાનું જીવંત ચિત્રણ ઝીલી ન શકાતાં અંતરમાં સતત વસવસો રહ્યા કરતો હતો. તેમની પ્રત્યેક લીલાઓ સમષ્ટિ માટે છે. સમષ્ટિના શ્રેયાર્થે છે, જેથી સમષ્ટિનો પ્રત્યેક માનવબન્ધુ તેમની લીલા સમજે, માણે, જુએ અને સ્વાનુભવ કરે તેવી મારી અંતઃકરણપૂર્વકની ઇચ્છા હોય છે. આ ઇચ્છાએ જ 'પરમના સાન્નિધ્યે'નો કાર્યક્રમ થયો."**

---

આ કાર્યક્રમનું નામ તેમણે 'પરમના સાન્નિધ્યે' રાખ્યું હતું. તો આવો, 'પરમના સાન્નિધ્યે'ની વિચારધારામાં આપણે ડોકિયું કરીએ. એ વિચારધારા અત્રે તેમના જ શબ્દોમાં વાંચીએ, સાંભળીએ તો જ મજા આવશે.

— 'તપન'

આ પ્રસ્તાવનાના અનુસંધાનમાં હું જણાવીશ કે, પૂ. ગુરુદેવના ષષ્ઠિપ્રવેશ સમયે મેં જણાવ્યું હતું કે લૌકિક જગતમાં તેઓ મારા પિતા છે પરંતુ તે દિવસથી તેઓ વિશ્વપિતા હોવાનો પ્રથમ અનુભવ



Scanned by CamScanner

કર્યો. ત્યાર બાદ વિવિધ પ્રવૃત્તિઓ શરૂ થઈ, પરંતુ આ પ્રવૃત્તિઓ કંઈ મારા એકલાથી શક્ય નથી. આ એક આખું ટીમવર્ક છે.

અહીં ગુરુપૂર્ણિમાના કાર્યક્રમ વિશે વાત કરીશ :

ગુરુપૂર્ણિમાનો કાર્યક્રમ આ પ્રમાણે હતો : (૧) દર્શન-પ્રસાદ, (૨) પરમના સાન્નિધ્યે, (૩) અમૃતવાણી, (૪) સ્તુતિ–આરતી.

ગુરુપૂર્ણિમાના દિવસે દરેક ભક્ત દૂર દૂરથી ગુરુપૂજન કરવા આવે છે. તેમનાં નયનો ગુરુદેવને નિહાળવા ઉત્સુક હોય છે. આતુર હોય છે.

## 'નિરખું નિરખું ને મારું મનડું ધરાય નહિ'

— તેવાં તૃષાતુર નયનો ગુરુદર્શનથી તૃપ્ત થાય છે, જેનાથી ચિત્તમાં આનંદની એક લહરી પ્રસરી રહે છે. મનની તૃષા તૃપ્ત થતાં પ્રસાદ દ્વારા ક્ષુધા પણ સંતોષાય છે. આમ મન અને શરીર બંને પ્રફુલ્લિત થાય છે.

'પરમના સાન્નિધ્યે' નામ આપવા પાછળ પણ તેનો સંદર્ભ છે. એમાં આમ જોવા જઈએ તો ભક્તિગીતો જ હતાં. એક ગીતથી બીજા ગીતમાં જવા માટે ગદ્યમાં વિવેચન કરવામાં આવ્યું હતું. એટલે સરળ ભાષામાં જણાવીએ તો ભક્તિસંગીતનો પ્રોગ્રામ જ હતો. પરંતુ તેવું નથી. મારા મતે આ કાર્યક્રમમાં રજૂ થયેલ ગીત અને ગદ્ય–વિવેચન દ્વારા ગુરુનું સામુહિક ભાવપૂજન હતું.

---

**"ભાવપૂજન દ્વારા મન જ્યારે ભાવવિભોર થયું હોય પછી ગુરુદેવના શ્રીમુખે થયેલ વક્તવ્યનું શ્રવણ એ મનને પરમ આનંદ અવસ્થાએ લઈ જતું હોય છે તેથી તે અમૃતવાણી કહેવાય. તેના શ્રવણ પછી ભક્ત હૃદય પાસે શબ્દો હોતા નથી, મૌનની પરિભાષા હોય છે. ત્યાંથી આધ્યાત્મિક જગતની શરૂઆત થાય છે."**

---

આ સામુહિક ભાવપૂજનનું ઉદ્‌ભવસ્થાન ૧૯૯૩ની જન્માષ્ટમીનો દિવસ છે. તે દિવસે પૂ. ગુરુદેવે 'શ્રદ્ધા' કુટિરમાં સાક્ષાત્ શ્રીકૃષ્ણને આમંત્રણ આપ્યું હતું. નારદજી સૃષ્ટિ ઉપર શ્રીકૃષ્ણને લઈને ફરવા નીકળે છે પરંતુ શ્રીકૃષ્ણને પૃથ્વીની એક પણ જગાએ આનંદ થતો નથી. શ્રીકૃષ્ણ વ્યથિત થઈ જાય છે. શ્રીકૃષ્ણ નારદજીને પૂછે છે કે હે નારદજી, પૃથ્વી પર કોઈ જગ્યા એવી નથી, જ્યાં મારા ચિત્તને આનંદ થાય! ત્યારે નારદજી કર્ણાવતીમાં તેમની 'શ્રદ્ધા' કુટિરમાં તેમને લાવે છે. પૂ. ગુરુદેવ તેમને આવકારે છે. તે સમયની તેમની મુખમુદ્રા, તેમના હાવભાવ, અવાજનું માધુર્ય, વાક્છટા–આ બધું સાંભળી જોઈને, તેમ જ તે સમયનો આહ્‌લાદક, સુગંધિત સમીર, બસ...કુટિરમાં બેઠેલ સર્વ સ્તબ્ધ થઈ ગયા. બસ, હર્ષાશ્રુ સરી પડ્યા. શ્રીકૃષ્ણ સાક્ષાત્ બિરાજમાન છે તેવો અહેસાસ બેઠેલ સર્વેએ કર્યો હતો.

આ સમયે નિત્યપિતાએ ત્યાં બિરાજમાન સર્વ ભક્તગણને જે અનુભવ વક્તવ્ય દ્વારા કરાવ્યો તેની વીડિયો કે ઓડિયો તે સમયે ઉતારી શકાઈ નહોતી અને વિરલ વિભૂતિએ કરેલી આ લીલાનું જીવંત ચિત્રણ ઝીલી ન શકાતાં અંતરમાં સતત વસવસો રહ્યા કરતો હતો. તેમની પ્રત્યેક લીલાઓ સમષ્ટિ



Scanned by CamScanner

માટે છે, સમષ્ટિના શ્રેયાર્થે છે. જેથી સમષ્ટિનો પ્રત્યેક માનવબન્ધુ તેમની લીલા સમજે, માણે, જુએ અને સ્વાનુભવ કરે તેવી મારી અંતઃકરણપૂર્વકની ઈચ્છા હોય છે. આ ઈચ્છાએ જ 'પરમના સાન્નિધ્યે'નો કાર્યક્રમ થયો.

આવા વિશ્વપિતાના આ સ્વરૂપનું ફિલ્માંકન કરી સમષ્ટિના દરેક માનવને તેને માણવાનો, જાણવાનો સુંદર અવસર ગુમાવ્યો હોવાથી અંતર રડ્યા કરતું હતું. મને મનોમન થયા કરતું હતું કે પરમને પિછાણવાની, જાણવાની અને માણવાની તક ગુમાવી છે. જેમ ગયો અવસર પાછો આવતો નથી, વીતી ગયેલી ક્ષણો પાછી નથી આવવાની એમ સમજવા છતાં ચિત્તને ચેન ન પડતું...

એક દિવસ વિચાર આવ્યો કે, ભા. છ. મહેતા હોલ એ સ્વર્ગની રાજસભા. દેવરૂપે પૂ. ગુરુદેવ પોતે ભગવાન સ્વરૂપ (પરમ પોતે જ) છે. ગાનવૃંદ ગાંધર્વ અને બિરાજમાન સર્વ ભક્ત ગણ એ રાજ દરબારીઓ. આવી એક રૂપરેખા મારા મનમાં તૈયાર થઈ. જન્માષ્ટમીનો જે પ્રસંગ ચિત્તમાં હતો, તેની નજીક દરેક ભક્ત (પરમનું પ્રેમી પારેવડું) જઈ પરમમાં તન્મયતા સાધી શકે એ માટે શબ્દ, સૂર, ધ્વનિ અને લય દ્વારા પરમની સાથે નિકટતા સાધવાનો માત્ર સાહજિક પ્રયાસ એ 'પરમના સાન્નિધ્યે'નો કાર્યક્રમ. તેમાં ભક્તહૃદયનો ભાવ વિવેચન અને ગીત દ્વારા રજૂ થયો હોવાથી તે સમગ્ર કાર્યક્રમ ગુરુપૂર્ણિમાના પર્વ નિમિત્તે સામુહિક ભાવપૂજા હતી. પૂજન સંગીત દ્વારા થઈ શકે છે.

આ ભાવપૂજન દ્વારા મન જ્યારે ભાવવિભોર થયું હોય પછી ગુરુદેવના શ્રીમુખે થયેલ વક્તવ્યનું શ્રવણ એ મનને પરમ આનંદ અવસ્થાએ લઈ જતું હોય છે તેથી તે અમૃતવાણી કહેવાય. તેના શ્રવણ પછી ભક્તહૃદય પાસે શબ્દો હોતા નથી. મૌનની પરિભાષા હોય છે. ત્યાંથી આધ્યાત્મિક જગતની શરૂઆત થાય છે. માટે તે અમૃતવાણી કહેવાય. ગુરુદેવમાં ભક્ત પોતાના ઈષ્ટદેવનાં દર્શન કરતો હોય છે પછી તે ગમે તે સંપ્રદાયનું પ્રતીક હોય. ગુરુદેવમાં દરેક વ્યક્તિ અલગ અલગ ભગવાનનાં દર્શન કરે છે : "એકોઽહં બહુસ્યામ્"

આવા રાજયોગીના સ્વમુખે થયેલ સંબોધન કે વક્તવ્ય મારી દૃષ્ટિએ અમૃતવાણી જ ગણાય અને સરી પડે છે:

**આ મસ્તી આ મસ્તી અમસ્તી નથી કાંઈ**
**આ મસ્તીમાં સ્વની હસ્તી નથી કાંઈ**
**રમો છો રમો છો મુજ હૃદયે રમો છો**
**ચિદાનંદ રૂપે મુજ ચિત્તમાં વસો છો.**

આ સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સાથ આપનાર તેમ જ ઉપસ્થિત સર્વ પરમના પ્રેમી પારેવડાંઓનો હું ઋણી છું.

**'દેવદત્ત'**

□

# સૂરતમાં સત્સંગ

સૂરતમાં પરમ શક્તિ – રાજયોગી નરેન્દ્રજીની ઉપસ્થિતિમાં ગઈ. તા. ૩–૭–'૯૪ને રવિવારે સાંજે ૪ થી ૬ દરમ્યાન મુ. શ્રી હસમુખભાઈ બામણિયાના નિવાસસ્થાને પચ્ચીસમા સત્સંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા પૂ. શ્રીને સૂરતનાં સત્સંગી ભાઈ–બહેનોએ આમંત્રણ પાઠવ્યું હતું. સૌના આમંત્રણનો સ્વીકાર કરી પૂ. શ્રી સૂરત પધાર્યા હતા અને પરમ શક્તિ – રાજયોગીના ભક્ત મુ. શ્રી હસમુખભાઈ બામણિયાના નિવાસે યોજાયેલા ૨૫ મા સત્સંગ નિમિત્તે સ્વયં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના આરંભે હસમુખભાઈના પરિવારે પૂ. શ્રીનું સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે મુ. શ્રી ચન્દ્રકાન્તભાઈ ઠાકરે સત્સંગની ફલશ્રુતિ અંગે, શ્રી દિલીપભાઈ જોશીએ ક્ષમા અંગે તેમ જ મુ. શ્રી મધુસૂદનભાઈ પાઠકે સંપત્તિ અને સેવા અંગે પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં હતાં.

કાર્યક્રમના અંતે પૂ. ગુરુદેવે આશીર્વચન આપી સત્સંગ અંગે પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું તેમ જ કૈલાસબહેને સૂચનો–ફેરફારો રજૂ કર્યા હતા.

---

**“તમે પાંચ કલાક પરમ તત્ત્વ પાસે બેસો કે પાંચ મિનિટ બેસો, પરંતુ કેટલી શ્રદ્ધા, શરણાગતિ ને પ્રેમથી બેસો છો એ મહત્ત્વનું છે. તમે શ્રદ્ધા, શરણાગતિ ને પ્રેમથી તલ્લીન થઈ જાવ કે પરમ તત્ત્વને તમારી પાસે આવવું પડે. તમારે એની પાસે જવું ન પડે.”**

* * *

**પરમ તત્ત્વને મૂર્તિ બનાવી આપણે એને મંદિરમાં કેદ કરી તાળાં વાસી દીધાં છે. તમારા રૂલ્સ-રેગ્યુલેશન એની પર ફરમાવો છો.**

---

પૂ. ગુરુદેવે સત્સંગ અંગે જે મનનીય વાતો કરી હતી તે અત્રે તેમના જ શબ્દોમાં રજૂ કરી છે. તેમણે જણાવ્યું હતું કે,

સત્સંગ વિશે ભાઈ શ્રી ચન્દ્રકાન્તભાઈએ પોતાનું મંતવ્ય દર્શાવ્યું. ભાઈ શ્રી દિલીપભાઈએ ક્ષમાની વાત કરી. પાઠક ભાઈએ સંસારને લગતી સામાજિક વાત કરી.

ચન્દ્રકાન્તભાઈના પ્રસંગની વાત કરું તો વિશ્વામિત્ર ને વસિષ્ઠ ઋષિની એ વાત છે. બંને તપોનિષ્ઠ હતા. તેમણે કોણે કેટલું પુણ્ય આપ્યું ને શું કર્યું તેના વાદવિવાદમાં ઊતરવાની મારી દૃષ્ટિએ જરૂર નહોતી. કારણ કે એમાં પણ એમણે અહમ્ પોષ્યો. જો કે એમાં એમને એક ફાયદો થયો.



Scanned by CamScanner

બ્રહ્માજીના દર્શન થયાં. વિષ્ણુનાં થયાં. શંકરનાં થયાં. અલીકના થયા. બાકી એમણે તો પોતાનો અહમ્ પોષ્યો મારી દૃષ્ટિએ. પરંતુ એમાંથી આપણે એ તાત્પર્ય સમજવાનું છે કે તમે પાંચ કલાક પરમ તત્ત્વ પાસે બેસો કે પાંચ મિનિટ બેસો. પરંતુ કેટલી શ્રદ્ધા. શરણાગતિ ને પ્રેમથી બેસો છો એ મહત્ત્વનું છે. સત્સંગનું ફળ જે આપ્યું, જે હજાર વર્ષનું ને એક સેકંડનું આપ્યું. પણ જે એક સેકંડ બેસી હશે તે પોતે પોતાની શ્રદ્ધા. શરણાગતિ ને દિલથી–પ્રેમથી બેસી હશે. તેથી આપણે શું સમજવાનું છે કે તમે પણ શ્રદ્ધા. શરણાગતિ ને પ્રેમથી તલ્લીન થઈ જાવ કે પરમ તત્ત્વને તમારી પાસે આવવું પડે. તમારે એની પાસે જવું ન પડે.

દિલીપભાઈએ ક્ષમાની જે વાત કરી. ખરેખર ક્ષમા આવકારદાયક છે. ક્ષમા વીરસ્ય ભૂષણમ્ કહ્યું છે. જે વીર પુરુષો ક્ષમા આપી શકે છે. પરંતુ આપણે પણ ઘરના ઘણા બનાવોમાં ક્ષમા આપી શકીએ છીએ. દરેક પુરુષ ક્ષમા આપતો થાય તો દુનિયામાં દુઃખદર્દો આપોઆપ નિવારી શકાય એમ છે.

પરમ તત્ત્વ આપણને કેટલી ક્ષમા આપે છે. તે તમને ધરતી પર ફરવાની છૂટ આપે છે. ફરો, મજા કરો. પરમ તત્ત્વને મૂર્તિ બનાવી આપણે એને મંદિરમાં કેદ કરી તાળાં વાસી દીધા છે. તમારા રૂલ્સ–રેગ્યુલેશન એની પર ફરમાવો છો. ભગવાન આ કરે. તે કરે. આવું થાય. તો ય તમને બધું આપે છે. તો ય ભગવાન તમને કેટલું માફ કરે છે! તેવી રીતે સમાજમાં એક બીજાને ક્ષમા આપતાં જાવ તો તમારાં દુઃખ–દર્દ આપોઆપ મિટતાં જશે.

---

**સત્સંગ એટલે પરમ તત્ત્વ – પરમાત્મા સાથે સંગ કરવો. સઘળી ઇન્દ્રિયોને સંસારનાં કાર્યોમાંથી વિમુખ કરીને પરમ તત્ત્વ સાથે એકાકાર કરવી.**

* * *

**"સત્સંગનો ખરો અર્થ તો ત્યારે નીકળે કે જ્યારે તમે કથા વાર્તાનો સહવાસ સેવો, મનન કરો અને નિરીક્ષણ કરો ને તે પરથી તમારા પોતાનામાં જે ખામીઓ હોય તેને સમજી લઈ સુધારવાનો સંકલ્પ કરો તેનું નામ જ ખરો સત્સંગ."**

---

પાઠકભાઈએ વાત કરી. સામાજિક વાત છે. દાન–સંપત્તિ વડે, બાહુબળ વડે, પોતાનો બંગલો બાંધ્યો, પણ એને ખ્યાલ ન આવ્યો કે આ બધું આવ્યું ક્યાંથી મારી પાસે? એમાં પણ પોતે અહમ્ પોષ્યો થોડોક. આપણી પાસે જે સત્તા હોય, ધન હોય, પૈસો હોય એ આપણને પરમતત્ત્વે અહીં વહીવટ કરવા મોકલ્યાં છે. નહિ કે પોતાને માટે. એ રીતે તમે વર્તો તો અડધું જગત શાંત થઈ જાય. એટલે તમે એક વહીવટકર્તા છો. તમારો સમય પૂરો થશે પછી એ તમને પાછા બોલાવી લેશે. વહીવટ તમારો પૂરો થઈ ગયો. તમે પાછા આવી જાવ મારી પાસે. માટે જે ધન, સત્તા, દોલત, અરે, હું તો કહું છું કે શરીર પણ તમને આપ્યું હોય, સ્વાસ્થ્ય એ પણ એની આપેલી બક્ષિસ છે ને એ પણ અહીં બીજાની સેવાર્થે વાપરવાની છે તો ચોક્કસ તમને ફાયદો થશે.

હવે મારે શું કહેવું છે તે હું તમને કહું :

સૂરત તણી ધરતી પરે,
રચાયો સત્સંગ



Scanned by CamScanner

આજ પચ્ચીસમો સત્સંગ,
આવ્યા રાજયોગી નરેન્દ્રજી
સત્સંગ કાજ.
હું પૂછું ?
શું પ્રાપ્ત કીધું
સત્સંગ માંહીથી.

સત્સંગ એટલે શું ?

સત્સંગ એટલે પરમ તત્ત્વ – પરમાત્મા સાથે સંગ કરવો.

સત્સંગ એટલે સઘળી ઇન્દ્રિયોને સંસારનાં કાર્યોમાંથી વિમુખ કરીને પરમ તત્ત્વ સાથે એકાકાર કરવી.

સત્સંગ કોને કહેવાય ?

જે સ્થાનમાં ઉપસ્થિત થવાથી ધર્મભાવના ઉત્પન્ન થાય, મનને આનંદ, સાત્ત્વિક આંદોલનો ઉદ્ભવે અને જ્યાં આગળ પંથાપંથી કે સંપ્રદાયની જટિલતા ન હોય તે સ્થાન સત્સંગનું સમજવું.

સત્સંગમાં જવાથી સારી કથા ને સારી વાર્તા સાંભળતા હો અને સાત્ત્વિક વાતાવરણ આનંદ ઉલ્લાસથી ઉભરાતું હોય પરંતુ ખાલી કથા વાર્તા સાંભળી એટલે સત્સંગ થઈ ગયો તેમ સમજવાનું નથી.

સત્સંગનો ખરો અર્થ તો ત્યારે નીકળે કે જ્યારે તમે કથા-વાર્તાનો સહવાસ સેવો, મનન કરો અને નિરીક્ષણ કરો ને તે પરથી તમારા પોતાનામાં જે ખામીઓ હોય તેને સમજી લઈ સુધારવાનો સંકલ્પ કરો તેનું નામ જ ખરો સત્સંગ.

આ થઈ આપણા માનવજીવોની વાત. પરંતુ હું તો તમને વનસ્પતિના જીવનની વાત કહું. વૈજ્ઞાનિકો ગમે તે કહેતા હોય, પણ મારી દૃષ્ટિએ બીજું કંઈ છે.

તમો જમીનમાં બી વાવો છો પછી તેને અંદર વાવીને પાણી છાંટો છો અને દરરોજ પાણી આપો છો તે શું ? તે બી જમીનની અંદર સંપૂર્ણ શરણાગતિથી સમર્પણની ભાવના કેળવીને સત્સંગ કરે છે અને ભક્તિરૂપી પાણીનું તેમાં સિંચન થાય છે. તેના ફળ રૂપે હરિયાળી ઉત્પન્ન થાય છે.

પાણી પણ સત્સંગ કરવા સારુ વરાળ રૂપે અવકાશમાં પહોંચી જાય છે અને અવકાશમાં સત્સંગના પરિણામ રૂપ અમૃત સમાન જળનું ધરતી પર સિંચન કરે છે. તેનામાં પણ શરણાગતિની અને સમર્પણની ભાવના છે. જો એક બી અને પાણી વાચા આપ્યા વગર પોતાના મુજબ સત્સંગના ફળ રૂપે હરિયાળી આપે, વરસાદ આપે, તો મનુષ્ય તો બુદ્ધિશાળી છે, તેનામાં અથાગ શક્તિ ભરેલી છે, તો તે સત્સંગના આધારે પોતાની આગળ પાછળ ધારે તો અમૃત વરસાવી શકે ને પરમ તત્ત્વના પ્રેમના અધિકારી બની શકે ! પરંતુ તેના માટે પાણી રૂપી સદ્વિચાર, સમ્પૂર્ણ શરણાગતિ ને સમર્પણની ભાવના કેળવવી જોઈએ.

□



Scanned by CamScanner

# જ્ઞાનગોષ્ઠિ

પ્ર૦ આપે ગુરુપૂજન વિશે સમજાવતાં કહ્યું છે કે, 'હું કમળ જેવો પરમ તત્ત્વથી છૂટો પડી તમારે શરણે આવ્યો છું.' એટલે શું તે સમજાવશો ?

ઉ૦ આત્મા કમળ જેવો નિર્લેપ–નિર્વિકાર હોય છે. જન્મ ધારણ કર્યા પછી, સંસારમાં આવ્યા પછી સંસારની માયા અને આસક્તિમાં તે સંપૂર્ણપણે લપેટાઈ જાય છે. સંસારની માયા અને આસક્તિથી પ્રેરાઈને તે ન કરવાનાં અનેક કાર્યો કરે છે. નથી તો તેની વાણી પ્રિયકર હોતી, નથી તેનું મન પવિત્ર હોતું કે નથી તો તેનાં કાર્યો સારાં હોતાં. તે પળે પળે અસત્ અને અધમ કૃત્યો કરતો રહે છે. તેનું ચારિત્ર્ય પણ શુદ્ધ નથી હોતું. એની વૃત્તિ અને પ્રવૃત્તિ પણ કપટભરી બની જાય છે. સંસારમાં રહ્યે રહ્યે તેનું આવું વર્તન પરમાત્માને ઘણા નારાજ કરે છે. તેની જાણ મનુષ્યને હોતી નથી. એટલું જ નહિ મનુષ્યે જન્મ ધારણ કર્યા પછી એક માનવ તરીકે આ પૃથ્વી પર, આ સંસારમાં કેવી રીતે વર્તવું જોઈએ, શું કરવું જોઈએ, જિંદગી કેવી રીતે જીવવી જોઈએ, આ જિંદગીમાં તેનું શું કર્તવ્ય છે, તેની કેવી અને કઈ ભૂમિકા છે તે વિશે કશો જ ખ્યાલ નથી હોતો. તેને આ બધું કોણ સમજાવે ?

આ બધું સમજાવવાનું કામ ગુરુનું છે. તે ગુરુને શરણે જાય છે ત્યારે ગુરુએ મનુષ્ય જાતિના એક રક્ષક તરીકે આ બધી બાબતો સમજાવવી પડે છે. જ્યારે ગુરુ આ બધું સમજાવે છે ત્યારે તેને ખ્યાલ આવે છે કે હું તો કમળ જેવો પરમ પવિત્ર અને નિર્લેપ હતો પણ સંસારમાં આવ્યા પછી હું કેવો લેપાઈ ગયો ! અરેરે ! આમ ગુરુ પોતાની આધ્યાત્મિક અને આત્મિક શક્તિ વડે તેને આત્મપ્રતીતિ પ્રાપ્ત કરવાની ક્ષણ નિર્માણ કરી આપે છે. તેને પોતાની જાતનું મૂલ્યાંકન કરવા આત્મ–પૃથક્કરણ કરવા પ્રેરે છે અને એ મૂલ્યાંકન અને આત્મ–પૃથક્કરણ દ્વારા પરમતત્ત્વની શરણાગતિ સ્વીકારવા પ્રેરણા આપે છે. આવી પ્રેરણાથી તે પરમ તત્ત્વની શરણાગતિ તો સ્વીકારે છે, પણ સંસારની આસક્તિથી અને એ આસક્તિ દ્વારા આચરેલાં અનિષ્ટ કૃત્યોની, અસત્ કાર્યોની કાલિમા તેના આત્માને ડંખ્યા કરે છે કે મેં આ ખોટું કર્યું છે, ગુરુ તેની આવી આત્મપ્રતીતિને નિજી શક્તિ વડે જાણી લે છે, સમજી લે છે ને તેને પરમ તત્ત્વની શરણાગતિ અને શ્રદ્ધાપૂર્વકની ઉપાસના દ્વારા અનાસક્તિ કેળવવાની, નિર્લેપતા કેળવવાની સમજણ આપે છે, સૂઝ આપે છે, શક્તિ આપે છે. આ સૂઝ–સમજણ વડે ગુરુના શરણે જઈને અંતરના ઊંડાણથી પ્રાર્થના કરે છે કે સંસારની આસક્તિમાં લેવાઈને હું દુઃખી દુઃખી થઈ ગયો છું. આથી આપ મને હવે મુક્ત કરો. મને નિર્લેપ અને અનાસક્ત બનાવો. આમ જીવ ગુરુની–પરમ તત્ત્વની શરણાગતિ સ્વીકાર્યા પછી પણ નિર્લેપતા અને અનાસક્તિ કેળવે તો જ આધ્યાત્મિક ગતિ કરી શકે, પરમ તત્ત્વની અનુભૂતિ મેળવી શકે, અન્યથા નહિ.

અહીં કમળ સ્વચ્છતા – નિર્લેપતાનું પ્રતીક છે. આત્મા જન્મ ધારણ કરે છે ત્યારે નિર્લેપ હોય છે. પાછળથી તે સંસારમાં આસક્ત બને છે તે સ્વાભાવિક લેખીએ તો પણ એ આસક્તિની પણ મર્યાદા હોય છે – હોવી જોઈએ. સંસારની આસક્તિના અતિરેકમાં ષડ્‌રિપુનું પ્રવર્તન જ કારણભૂત હોય છે. તેથી જ મારે ષડ્‌રિપુને દૂર કરવાનું વારંવાર કહેવું પડે છે. □

[ આધ્યાત્મિક કેડી, એપ્રિલ, '૯૫



Scanned by CamScanner

# સમાચાર

૧. તા. ૧૦-૪-'૯૫થી તા. ૧૦-૬-'૯૫ સુધી પૂ. ગુરુદેવનો અમેરિકા-ઇંગ્લેન્ડનો કાર્યક્રમ યોજાયો છે. આથી તા. ૮-૪-'૯૫થી તા. ૧૮-૬-'૯૫ સુધી 'નીલોષા' બંધ રહેશે.

તા. ૧૯-૬-'૯૫ને સોમવારથી 'નીલોષા' પર રાબેતા મુજબ મુલાકાત ચાલુ રહેશે.

૨. તા. ૧૪-૪-'૯૫થી તા. ૧૬-૫-'૯૫ સુધી પૂ. ગુરુદેવ અમેરિકામાં મુલાકાત આપશે.

૩. તા. ૧૭-૫-'૯૫થી તા. ૮-૬-'૯૫ સુધી પૂ. ગુરુદેવ ઇંગ્લેંડમાં મુલાકાત આપશે.

* ઇંગ્લેંડના પ્રોગ્રામ માટે શ્રી પ્રદીપ વડેરાનો સંપર્ક સાધવો. ટેલિફોન નંબર આ પ્રમાણે છે : (0116) 2354-611

૪. તા. ૧૨-૭-'૯૫ને બુધવારના રોજ ગુરુપૂર્ણિમા છે. પૂ.શ્રીના દર્શનનો સમય સવારે ૯ થી બપોરે ૧ વાગ્યા સુધી રહેશે.

સ્થળ : પી. જી. મહેતા મેમોરિયલ હોલ, શંકર આશ્રમ સામે, દિવાન બલ્લુભાઈ પ્રાથમિક શાળા સામે, નારાયણનગર રોડ, રાજનગર બસ સ્ટેન્ડ પાસે, પાલડી, અમદાવાદ – ૭.

૫. તા. ૭ ૯-'૯૫ને ગુરુવારના રોજ પૂ. ગુરુદેવનો જન્મદિવસ છે. પૂ.શ્રી સવારે ૯ થી બપોરે ૧ વાગ્યા સુધી દર્શન આપશે. સ્થળ ઉપર મુજબ.

૬. તા. ૨૫-૯-'૯૫થી તા. ૨-૧૦-'૯૫ સુધી આસો નવરાત્રી છે. વિશિષ્ટ ઉપાસના કરનાર ઉપાસકોને પૂ.શ્રી આશીર્વાદ પાઠવે છે.

□

Scanned by CamScanner

## * મારા જીવનનાં નવ સૂત્રો *

(૧) ઇષ્ટમાં સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ રાખવી. (૨) નિઃસહાયને સહાય કરવી. (૩) દુઃખીઓનાં દિલનાં આંસુ લૂછવાં. (૪) કોઈની ઇર્ષ્યા કરવી નહિ. (૫) કોઈની સાથે વિશ્વાસઘાત કરવો નહિ. (૬) પરનિન્દાથી દૂર રહેવું. (૭) પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું. (૮) નિઃસ્વાર્થ સેવા કરવી. (૯) અહમ્‌નો ત્યાગ કરવો.

— રાજયોગી નરેન્દ્રજી

૭૭, 'શ્રદ્ધા', યોગેશ્વરનગર સોસાયટી, ભઠ્ઠા પાસે, અંજલિ સિનેમા પાછળ,
વાસણા, અમદાવાદ – ૩૮૦ ૦૦૭

## પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈ પણ વ્યક્તિ જ્ઞાતિ, જાતિ કે સમ્પ્રદાયનાં બંધનો સિવાય વિનામૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પૂજ્યશ્રીની પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ દરરોજ અડધો કલાક પરમ શક્તિ મંત્રજાપને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : 'નીલોપા' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલમોર ફ્લેટ્સ પાછળ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ–૧૫.

સમય : બપોરના ૧૨–૦૦ થી ૨–૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)

શનિ–રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક–માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. જળ લેવા ઇચ્છનારે ખાલી સ્વચ્છ બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.

Scanned by CamScanner